સંચયન: બીજો તબક્કો ❉ અંક : ૧૦ ❉ ડિસેમ્બર ૨૦૨૫

# સંચયન

સાંપ્રત સાહિત્ય-વિચાર-જગતની ઝલક આપતું સામયિક



॥ સંપાદક ॥

મણિલાલ હ. પટેલ • કિશોર વ્યાસ

# એકત્ર ફાઉન્ડેશન : USA

**તંત્રસંચાલન :**

અતુલ રાવલ (atulraval@ekatrafoundation.org)
રાજેશ મશરૂવાળા (mashru@ekatrafoundation.org)
અનંત રાઠોડ (gazal_world@yahoo.com)

**સંચયન** : બીજો તબક્કો (સેકન્ડ ફેઝ) : ૨૦૨૩
અંક - ૧૦ : ડિસેમ્બર ૨૦૨૫
(સાહિત્ય અને કલાઓનું સામયિક (ડાયજેસ્ટ)
**સંપાદન** : મણિલાલ હ. પટેલ • કિશોર વ્યાસ
**આવરણ ચિત્ર : કનુ પટેલ**
**મુદ્રણ - ટાઈપ સેટિંગ્સ - સંરચના**
શ્રી કનુ પટેલ
લજ્જા પબ્લિકેશન્સ
બીજો માળ, સુપર માર્કેટ, રાજેન્દ્ર માર્ગ,
નાનાબજાર, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
ફોન : (૦૨૬૯૨) ૨૩૩૮૬૪
આ અંકનું પ્રકાશન : તા. ૩૧/૧૨/૨૦૨૫

Ekatra FOUNDATION

# એકત્ર ફાઉન્ડેશન

## અધ્યક્ષ : સિતાંશુ યશશ્ચંદ્ર

મુદ્રિત સાહિત્યનું વીજાણુ સાહિત્યમાં રૂપાંતર અને વિસ્તાર ઝંખતી સંસ્થા

# સંચયન

(પ્રારંભ: ઓગસ્ટ, ૨૦૧૩)

બીજો તબક્કો : ઓગસ્ટ : ૨૦૨૩


**એકત્ર ફાઉન્ડેશન : USA**

http://www.ekatramagazines.com

આ વેબસાઈટ પર અમારાં વી-પુસ્તકો તથા ‘સંચયન’નાં તમામ અંકો વાંચી શકાશે.

**તંત્રસંચાલન** : શ્રી રાજેશ મશરૂવાળા, શ્રી અતુલ રાવલ, શ્રી અનંત રાઠોડ

(ડિઝિટલ મિડિયા પબ્લિકેશન)

**સંચયન** : દ્વિતીય તબક્કો (સેકન્ડ ફેઝ) (સાહિત્ય અને કલાઓનું સામયિક (ડાયજેસ્ટ)

સંપાદન : મણિલાલ હ. પટેલ • કિશોર વ્યાસ

**મુદ્રણ - ટાઈપ સેટિંગ્સ - સંરચના:** શ્રી કનુ પટેલ

લજ્જા કોમ્યુનિકેશન્સ, બીજો માળ, સુપર માર્કેટ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

આ અંકનું પ્રકાશન : તા. ૩૧/૧૨/૨૦૨૫


જેને જેને ‘સંચયન’ મેળવવામાં રસ હોય એમના ઈ-મેઈલ અમને જણાવશો.

સૌ મિત્રો એને અમારી વેબસાઈટ પર પણ વાંચી શકશે.

તમારાં સૂચનો અને પ્રતિભાવો જરૂર જણાવશો.

અમારા સૌનાં ઈ-મેઈલ અને સરનામાં અહીં મૂકેલાં જ છે.


No 1
Folio 3
॥सरोवरस्था स्फटिकस्य मंडपे सरोरुहै संकरमर्चयंती॥ताल
प्रतैःप्रतिपन्नगीतैः॥गोरी सुचिं नारद भैरवी यं॥२॥ ॥

ભૈરવી રાગિણી

# અનુક્રમ

## સંચયન: બીજો તબક્કો : અંક - ૧૦ : ડિસેમ્બર, ૨૦૨૫


**સમ્પાદકીય**

ફરી એકવાર તડકો ~ મણિલાલ હ. પટેલ /૭

**કવિતા** : નિરજંન ભગતનાં આઠ કાવ્યો

૧) સુધામય વારુણી /૧૧

૨) જાગૃતિ /૧૨

૩) ધરતીની પ્રીત /૧૩

૪) પારેવાં /૧૪

૫) કલાકોથી /૧૫

૬) આધુનિક અરણ્ય /૧૬

૭) તડકો /૧૭

૮) મુંબઈનગરી /૧૮

અમે તો અણગમતા... ~ રાધિકા પટેલ /૧૯

વસિયત ~ જાગ્રત વ્યાસ ‘મધુકર’ /૨૦

ન રાખું હું કોઈ ~ રમેશ પટેલ ‘ક્ષ’ / ૨૧

મને વાગી ગઈ બાવળની શૂળ ~ જિજ્ઞા વોરા /૨૨

**વાર્તાજગત**

સાંકળ ~ ધરમાભાઈ શ્રીમાળી /૨૩

## નિબંધ

શરીર સંકોરતો મનને ઉખેળતો શિયાળો ~ યજ્ઞેશ દવે /૩૨

## વિવેચન

ગુજરાતી સાહિત્યની સમૃદ્ધિ : સ્વરૂપની દૃષ્ટિએ ~ ચન્દ્રકાન્ત ટોપીવાળા /૩૬

સાહિત્યસ્વરૂપો પર કાવ્યતત્ત્વનું આક્રમણ ~ ચન્દ્રકાન્ત ટોપીવાળા / ૪૧

## કલાજગત

રાગ મેઘ મલ્હાર ~ અભિજિત વ્યાસ /૪૫




હિંડોળ રાગ



રાગિણી તોડી



દિપક રાગ



# સમ્પાદકીય

## ફરી એકવાર તડકો

તડકો... હા, આજે ફરી પાછો તડકો. બારેમાસ અને છએ ઋતુનો તડકો. મારો તડકો- મને વ્હાલો મારા મલકનો, ઘર-આંગણા-શેરી-પાદર-સીમ-વગડાનો તડકો. તળાવની પાળે બેસી રહેતો ને ઊંડા કૂવામાં ડોકિયું કરતો, ડુંગરો ચઢી જતો, ટેકરીઓમાં રમતો, ખેતરે ખેતરે રંગરૂપ વેરતો વિખેરતો તડકો, મારા વાડામાં પરાળનાં કૂંધવાંને સોનેરી બનાવી નિરાંતે આરામ કરતો તડકો.

‘તડકો’ શબ્દ એને માટે મને ઓછો પડે છે. એને વૈશાખી બપોરે તો ‘તોતીંગ તડકાઓ’ કહીએ તોય એને પૂરો પકડી શકાતો નથી. આમેય એ આપણને દેખાય... અડે અડકે વળગી પડે વીંટળાઈ વળે, માથે બેસી જાય પાળેલા પોપટની જેમ આવીને ખભે બેસે ગાલને ચપટી-ચૂંટી ભરે, રાજી થઈ અને સરાબોળ નવડાવી દે. ગુસ્સે થાય તો પરસેવે રેબઝેબ કરી દે આ તડકો. આ તડકાઓ ભલા-ભોળા તગડા આકરા કૂણા કોમળ કમળ જેવા... પણ આપણા હાથમાં ન આવે... ખોબો છલકાવી દે પણ



જન્મ : ૦૯ નવેમ્બર ૧૯૪૯

ખિસ્સાં ભરવા નહિ દે... આપણી સાથે ઘરમાં નહિ જ આવે... ઘરનો એ માણસ જ નથી. એ તો ફરંદો રખડુ એ કાંઈ કાગળમાં થોડો સમાઈ જાય... એને તો દરિયા નાના પડે છે!!

ઘણીવાર એવુંય બન્યું છે કે ક્યારેક હું તડકાની અને તડકો મારી રાહ જોતાં હોઈએ. મને બહાર આવતાં જો થોડીક વાર લાગે તો તડકો બારીમાંથી ડોકિયું કરીને જોતો હોય... કદીક અંદરના ઓરડા સુધી લાં...બો થાય તડકો. ક્યારેક એ બહાર લીલા ઘાસની બિછાત પર જમાવટ કરે... ને એના પવનમિત્રને મોગરાની સુગંધ લઈને ઘરમાં મોકલે... હું બહાર આવું એટલે એ ધીમુંધીમું મલકાયા કરે... ને આખી શેરી પીળું પોપટી છલક છલક છલકાયા કરે... આમ તો સદાય નિજમાં નિમગ્ન રહેનારો એ થોડુંક હસી પડે ને પાછો તરત નિજનિરત થઈ જાય. બહુરૂપી ને પાછો જાદુગર છે તડકો.

સવારે તડકો ન આવે ત્યાં સુધી બધી સૃષ્ટિ શાંત નિરાકાર શી સ્તબ્ધ પડી હોય... ને તડકો આવતાંની સાથે વસ્તુઓ, પ્રકૃતિ બધાં પોતપોતાનાં રૂપરંગમાં હાજરાહજૂર થઈ જાય... દરેક પોતાનો પડછાયો પહેરી લ્યે અને હોવાપણાનો પાઠ ભજવવા માંડે છે, ત્યારે થાય છે કે તડકા વિના જગત જાણે ખોવાઈ જાય છે. તડકો આપણા સૌનો પરિચય છે - એ જ પાક્કી ઓળખ છે. તડકો મારો ભેરુ - નિત્યનો ભાઈબંધ છે.

વૈશાખ-જેઠના ઈડરિયા (ગઢ) તીખા તમતમતા, લમણા શેકી નાખતા એ 'તડકાઓ' માટે હજુ કોઈ સારો પર્યાય નથી મળ્યો. ત્યારે, નિરંજન ભગતની 'તડકો' કવિતા હું વર્ગમાં કહેતો:

"તગતગતો આ તડકો
જુઓને ચારકોર કેવી ચગદઈ ગઈ સડકો.
કહો ચરણ ક્યાં ચાલે
એણે એક ન રાખ્યો રસ્તો
અહીં પૃથ્વી પર નક્કર જાણે
ધાતુ શો તસતસતો...."

આખી પૃથ્વીના પટ પર ફરી વળતો, ખેલતો ખેલંદો, કોઈ નભે આંબતા નટરાજ શો આ તડકો એમ કવિની કવિતામાં કે આ નિબંધમાં નથી સમાવી શકાતો... ને તોય કવિઓની કવિતામાં આલેખાયેલાં એનાં રૂપો મને ગમે છે... તડકાનો સૌન્દર્યલોક ત્યાં

આસ્વાદ્ય બને છે. મણિલાલ દેસાઈ કહે છેઃ

“આ તડકે બેસી પીઠ શેકતી ભીંત જોઈને
મને થતું કે હું પણ તડકે બેસું...”

પ્રાથમિક શાળાનું લેશન અમે, શિયાળાની સવારે ઘર પછીતે વાડામાં-ખળામાં તડકે બેસીને કરતા, ત્યારે મા પણ અમારી બાજુમાં બેસીને લસણ ફોલતી રીંગણ સમારતી... નાનાં બાળકો ગોદડીમાં સૂતાં કિલકારી કરતાં રહેતાં. આમ તડકા સાથે મારી દોસ્તી ઘણી જૂની છે. ને આજીવન એ જ રહીને છે ને રહેવાનીય છે.

શૈશવમાં પરભાદાદા સાથે ડુંગરાવાળા ભાઠોડમાં બળદ ચરાવવા જતા. સાંજ પડી જતી, સાંજનો સોન-ગુલાબી તડકો પાસેનાં સાગવનોને રંગોથી છાંટી દેતો, ત્યારે તો કવિતાની ખાસ ખબર ન્હોતી પણ દાદા અમને ‘કુદરતની લીલા’ કહીને ઘણું બધું સમજાવતા... પછી કૉલેજમાં ભણવા ગયા... ને કવિ ઉમાશંકરની કવિતા વાંચતા થયા-સમજતા થયાઃ- “એક દિવસ મેં ઈશ્વરને જોયો હતો, સાંજના તડકાથી એ વૃક્ષોનાં થડ રંગતો હતો.” - મને પેલા સાંજના રંગે છંટાયેલાં સાગવનો અને મારા દાદા યાદ આવેલા. તડકો પણ માયાવી છે.

આબુના પ્રવાસ વખતે જોયેલું કે વ્હેલી સવારમાં ધુમ્મસભરી ખીણોમાં ધીમે ધીમે ઊતરતો તડકો ધુમ્મસનાં ધણને દૂર હાંકી કાઢતો હતો. એ જ તડકો સાંજે આપણી સાથે રોકાઈ જવા ચાહતો હોય ત્યારે કોઈ પરાણે તેને અસ્તાચળે ખેંચી જતું હોય એમ તડકાનો ઉદાસ ચહેરો દયાની યાચના કરતો સહુને જોઈ રહ્યો હોય...

કોઈ ગૌરવર્ણી કિશોરીના કૂંણા કોમળ હાથ જેવો હૂંફાળો શિયાળાની સવારનો તડકો કદીય ભૂલાતો નથી. ઉનાળાની બળબળતી બપોરે ઘરે આવીએ ત્યારે રામીમા, માટીની કાળી માટલીનું ઠંડુહેમ પાણી પાતી ને એનો ભીનો હાથ મોંઢે માથે ફેરવતી ત્યારે માથે ચઢી બેઠેલો એ વૈશાખના વરણાગી તડકા ઊતરી ને ભાગી જતા... ને ઘણીવાર ઘરની નળિયાંવાળી છતમાંથી તાપોલિયાં-ચાંદરણાં બનીને અંદરના ઓરડે કોલામાં ઉતરી-આવતી તડકાની એ ભૂંગળીઓને અમે અમારી રતુંબડી બાલ હથેળીઓમાં ઝીલીને, સૂરજ ઝિલ્યા જેવો આનંદ લૂંટતા!!

ઊતરતા ભાદરવાના ઉત્તરા-ચિત્રાના આકરા તડકામાં પિતાજી અમને ડાંગરનાં ખેતરોમાં વાઢવા અને ગાડું ભરવા લઈ જતા. એ તીખા તડકા તમ્મર લાવી દેતા... ને શિયાળો બેસતાં મગફળીના ખેતરોમાં મગફળી કાઢવા-વીણવા જતા ત્યારે મધુરા

તડકાની સોબત ગમતી. કોઈ બપોરે તડકો અમને નદીએ લઈ જવા ઉશ્કેરતો... તો કદીક સીમમાં, અમારી આંગળી પકડીને આંબે-મહુડે ફેરવતો... સીમ માના ખોળા જેવી લાગતી.

કવિતા કે કવિઓની તો શી વાત કરીએ ? જ્યાં તડકો પોતે જ સૌન્દર્યલોકનો સ્વામી છે. એણે જ તો આ સૃષ્ટિની કથા-કવિતા-ગાથા-ગરિમા આલેખી છે. તડકો બધાંને પડકારે છે ને પડખામાં લ્યે છે. તડકે જે ચિત્રો, શિલ્પો રચ્યાં છે કે રંગો વડે પૃથ્વીપટ પર આલેખન કર્યું છે એને કાગળમાં અવતારવાના પડકારો ઉપાડવા સહેલા નથી. પરંતુ તડકાનો સૌન્દર્યલોક પોતાની અંતરતમ પ્રતિભા વડે, પોતાના માધ્યમમાં ઉતરવાનાં લોભ-લાલચ તો પ્રત્યેક કલાકારને થતાં જ રહે છે - સદીઓથી!!

આજે જ્યારે હું, ફરીથી પાછો તડકા વિશે લખવા બેઠો છું ત્યારે, મેં જોયેલા, ઝિલેલા, વેઠેલા, જીરવેલા, માણેલા તડકાનાં અપરંપાર રૂપો તનમનમાં હાજર થવા ટળવળતાં અનુભવું છું... હજારો માઈલ દૂર મારો દેશ, મારું ગામ, ઘર-ખેતર તડકાની લીલામાં વ્યસ્ત મસ્ત હશે એવી અનુભૂતિ થાય છે... અહીં અમેરિકાના ઓહાયો સ્ટેટના ક્લિવલેન્ડ મહાનગર પાસેના સ્ટ્રોંગવીલે ગામની એક શેરીમાં બેઠો છું... સવારની મધુર હવાઓ છે. આકાશ એકદમ સ્વચ્છ નીલુ નીલુ ઝળહળે છે... ઘેર ઘેર લીલાછમ ઘાસની બિછાતો પથરાઈ ગયેલી છે ને એમાં તડકાએ પોતાનું રાજપાટ સ્થાપી દીધું છે...




વસંત રાગીણી

તા. ૫ થી ૯/૮/૨૦૨૫

સ્ટ્રોન્ગવીલે (ક્લિવલેન્ડ)

**- મણિલાલ હ. પટેલ**



જન્મ : ૧૮ મે ૧૯૨૬
મૃત્યુ : ૧ ફેબ્રુઆરી ૨૦૧૮

# નિરંજન ભગતનાં આઠ કાવ્યો

## સુધામય વારુણી

એક ચૂમી,
મત્ત પાગલ મેહુલા જેવું, ઝૂમી
બસ એક ચૂમી મેં લીધી;
શી સ્વર્ગની જ સુધા પીધી !
એકેક જેનું બિન્દુ
એ બિન્દુ નહીં, પણ ઘોર વડવાનલ જલ્યો સિન્ધુ !
વળી તો એ જ બિન્દુ
પૂર્ણિમાની ચાંદની ચંદન સમી વરસાવતો ઇન્દુ !
અહો, બસ એક પણ એ એક તે કેવી ચૂમી
કે આગની ને રાગની જ્યાં એક થૈ જાતી ભૂમિ !

૧૯૪૭




## જાગૃતિ

છકેલી ફાલ્ગુની છલબલ છટા શી પૃથિવીની!
દિશાઓ મૂકીને મન ખિલખિલાટે મલકતી,
વનોની મસ્તાની મઘમઘ પરાગે છલકતી
વસંતે જાગી રહે સકલ કલિ જ્યારે રસભીની;
અને પેલી વર્ષા, ઝરમર નહીં, ધોધ વરસી
બધી સીમા લોપે; અતિ તૃષિત જે ગ્રીષ્મદહને
નવાણો નીચી રહે, જલછલક જોબંન વહને
વહે, જ્યારે ના રહે, ક્ષણ પણ ધરા તપ્ત તરસી;
તદા મારી હૈયાકિલ અધખૂલી ફુલ્લ પુલકે,
અને પ્યારાં મારાં સહુ સ્વપન રહે તે પર ઢળી;
નવાણોયે કાંઠાભર રગરગે રહે ખળભળી,
અદીઠાં સ્વપ્ને શાં નયન સરતાં દૂર મલકે!
હસે વર્ષે વર્ષે ઋતુ હૃદયને ને જ ગમતી,
સદા સૌંદર્યોની રસસભર જ્યાં સૃષ્ટિ રમતી!

૧૯૪૩



# ધરતીની પ્રીત

મને તો ધરતીની પ્રીત રે!
મારી તે મનમોરલીમાં ધરતીની ધૂળનાં હો ગીત રે!

ક્યારેક કોમલ ફૂલશયને
નીંદની સોડ તાણું,
ક્યારેક પાંપણભીનાં નયને
કંટકનું શૂળ માણું;
મનખાની માયા મને, આવો આંસુ ને આવો સ્મિત રે!

ન્હાવું નથી સુરગંગાને નીરે,
નથી રે સુધા પીવી;
ઝૂરી ઝૂરી જગજમુના તીરે
મૃત્યુમાં જાવું છે જીવી,
વૈકુંઠ મેલીને વ્રજમાં મોહ્યો તે નથી ભૂલ્યો હું ભીંત રે!
મને ધરતીની પ્રીત રે!

૧૯૪૭

# પારેવાં

ઝૂકી ઝૂકી આભથી સારા
ઝીંકાતી આષાઢધારા,
ઝીલે છે નેહથી એને ઘરનાં નેવાં;
નીચે એક નીડમાં હાંફે નમણાં ને નિર્દોષ પારેવાં!
જ્યારે ઝૂકી આભથી સારા
ઝીંકાતી આષાઢધારા.

જલભીંજેલી શિથિલ પાંખો
શીત સમીરે કેટલું ધ્રૂજે,
જાણે કોઈ દીપક બૂઝે
એમ એ રાતા રંગની આંખો
પરે વળી વળી પોપચાં ઢળે,
ડોલતી એવી ડોકનોયે શો ગર્વ ગળે!
ક્યારેય એમની કશીય ના હલચલ,
એવું શું સાંકડું લાગે સ્થલ?
નાનેરું તોય સમાવે, એવડું તો છે નીડ,
ભીંસે છે તોય શી એવી ભીડ?

પાંખ પસારી સ્હેલનારાંનું
આકાશે ટ્હેલનારાંનું
મૂંઝાતું મન કેમે અહીં માનતું નથી!
આખાયે આભને લાવી મેલવું શેમાં?
નાનેરું નીડ છે એમાં?
એની આ વેદના શું એ જાણતું નથી?
એથી એના દુ:ખને નથી ક્યાંય રે આરા!
ઝીંકાતી જોરથી જ્યારે આષાઢધારા
ઝૂકી ઝૂકી આભથી સારા!

૧૯૪૮



## કલાકોથી

કલાકોથી મચ્યો વરસાદનો કકળાટ,
ના, ના, આટલો કઠતો ન'તો ઉકળાટ
શો મોટ્ટા અવાજે એકસૂર રસહીન લાંબા
                    કોઈ ભાષણના સમો દે ત્રાસ.

બારીબારણાં સૌ બંધ,
આખા ખંડમાં વ્યાપી વળી ભીનાશ
ને રૂંધે અખંડિત ખંડનું એકાંત, હું આંખો છતાંયે અંધ.
ઠંડકમાં ઠરી ચારે દીવાલો,

જેમ બુઢ્ઢાપે ઠરે છે જિંદગીના મસ્ત ખ્યાલો;
વસ્ત્ર સૌ ખીંટી પરે લીલાં,
હજુ આ દેશમાં જેવાં મનુષ્યોનાં વદન વીલાં;
અને પોચાં પડ્યાં સૌ મેજ પરનાં પુસ્તકોનાં પાન,
જેવાં લય વિનાનાં ગાન;
કેવું બધું નિર્જીવ તે સૌ ભેજથી આજે છવાઈ ગયું,
ને હૂંફથી ધડકી રહ્યું હૈયુંય તે આજે હવાઈ ગયું!

૧૯૫૬

# આધુનિક અરણ્ય

અરણ્ય, જન જ્યાં અગણ્ય પશુ હિંસ્ર શાં ઘૂમતાં;
શિલા શત, સિમેન્ટ, કાચ વળી કાંકરેટે રચ્યું;
(અને નભ થકીય ઇન્દ્રધનુ લોહનું હ્યાં લચ્યું!)
વનસ્પતિ નહીં, ન વેલ, નહીં વૃક્ષ જ્યાં ઝૂમતાં;
વિહંગ નહીં, રેડિયો ટહુકતો પૂરે વૉલ્યુમે;
નહીં ઝરણ, શી સરે સડક સ્નિગ્ધ આસ્ફાલ્ટની;
ન પ્રેત, પણ આ ઇમારત વિચિત્ર કૈં ઘાટની;
પરીગણ ન, ટ્રામ કાર દિનરાત અહીં તહીં ઘૂમે;
સર્યા અતલથી નર્યા સજડ આમ થીજ્યા ઠર્યા
અહીં નરકનીકળ્યા મલિન ઉષ્ણ નિઃશ્વાસ? કે
કદીક નિજ સ્વપ્નબીજ અહીં વાવિયાં રાક્ષસે
વિશાલ પરિપક્વ આ સ્વરૂપમાં શું ફાલ્યાં-ફળ્યાં?
અરણ્ય? છલ આ! રહસ્ય? ભ્રમણે અટૂલો ચડ્યો
પુરંદર સ્વર્ય અહીં નહીં શું હોય ભૂલો પડ્યો?



## તડકો

તગતગતો આ તડકો,
ચારેકોર જુઓને કેવી ચગદઈ ગઈ છે સડકો!

કહો, ચરણ ક્યાં ચાલે? એણે એક ન રાખ્યો રસ્તો,
ઘણું હલાવા હવા મથે પણ તસુય તે ના ખસતો,
અહીં ધરતી પર નક્કર જાણે ધાતુ શો તસતસતો
સાવ અડીખમ પડ્યો, કશેયે જરીક તો કોઈ અડકો!

જિદ્દીજનનું મન પણ જેની પાસે લાગે હળવું,
વૈદેહીના ધનુષ્યને પણ રામ કને તો ચળવું.
ગિરિ ગોવર્ધનનેયે ટચલી આંગળી ઉપર હળવું.
પણ આને ઓગાળી દેવા કોણ મેલશે ભડકો?

# મુંબઈનગરી

ચલ મન મુંબઈનગરી,
જોવા પુચ્છ વિનાની મગરી!

જ્યાં માનવ સૌ ચિત્રો જેવાં,
વગર પિછાને મિત્રો જેવાં;
નહીં પેટી, નહીં બિસ્ત્રો લેવાં,
આ તીરથની જાત્રા છે ના અઘરી!

સિમેન્ટ, કૉંક્રીટ, કાચ, શિલા,
તાર, બોલ્ટ, રિવેટ સ્ક્રૂ, ખીલા;
ઇન્દ્રજાલની ભૂલવે લીલા
એવી આ શું હોય સ્વર્ગની સામગ્રી!

રસ્તે રસ્તે ઊગે ઘાસ
કે પરવાળાં બાંધે વાસ
તે પ્હેલાં જોવાની આશ
હોય તને તો કાળ રહ્યો છે કગરી!

---

નિરંજન ભગતનાં આઠ કાવ્યો 'છંદોલય'માંથી લીધેલ છે.



જન્મ: ૧૯૭૬

# અમે તો અણગમતા...

## રાધિકા પટેલ

તમારે દેશે ઊગ્યા ભાણ, અમે અંધારે ડૂબ્યાં વ્હાણ, તમારા હાથે વાગ્યાં બાણ,
- અમને અણગમતાં...

તમારે ફળિયે શોભે ફૂલ, અમે તો પડીપાથરી ધૂળ, તમારે હાથ થયેલી ભૂલ,
અમે તો અણગમતાં...

તમારે આંબે બેઠા મ્હોર, તમારી સીમમાં પેઠા ચોર, અમે સીમાડે ઊભા થોર,
તો'ય અમે તો અણગમતાં...

તમારા ગઢમાં નવ નવ હૂર, તમારા રાજે છે મશહૂર, ભલે ને રાખો અમને દૂર,
અમે નંગ- અણગમતાં...

તમારો ભર્યોભર્યો દરબાર, તમારી સેવંતી સરકાર, ભલે ને રાખો અમને બા'ર,
અમે જણ- અણગમતાં...

તમારે રંગ ધનુષી સાત, અમે મેલા પાણીની જાત, તમે પણ ધોઈ નાખ્યા હાથ,
અમે રંગ- અણગમતાં...

છોડવા તમને વ્હાલા ખાસ, અમે આડેધડ ઊગ્યું ઘાસ, તમારે હાથ થયા નાપાસ,
અમે તો અણગમતાં...

હશે... ભાઈ તમને વ્હાલા એ, ભલે બોલાવો ના અમને, અમે રહી લેશું પરદેશે,
અમે તો અણગમતાં...

"રંજાડી ઘોડા"



જન્મ: ૨૦ ઓક્ટોબર ૧૯૭૭

# વસિયત

જાગ્રત વ્યાસ 'મધુકર'

હવે મારો સ્હેજે જીવન જીવવામાં રસ નથી
મરું હું ત્યારે ઓ સ્વજન સઘળા શાંતિ ધરજો.
હિસાબો પૈસા ને મિલકત તણા બંધ કરજો,
તમોને દેવા તો મુજ કુટિરમાં કાંઈ જ નથી.
નથી મારી પાસે મિલકત કશી કે ઘર નથી,
કરીને કંકાસો સમય નહિ સૌ નષ્ટ કરજો.

નથી સોના-ચાંદી, મુફલિસ મને માત્ર ગણજો,
હથેળી ખાલી છે જણસ સરખુંયે પણ નથી.
કળાઓ ખીલીને પરિમલ રૂપે દે ધન મને,
લખી આપું હૂંડી કલકલ થતાં રમ્ય ઝરણાં?
ભરે ઝોળી મારી ઉડુગણ દઈ રમ્ય રજની.
કલાપીની કેકા, મધુકરતણું ગુંજન અને
ખજાનો મારો તો મધુર ટહુકા કોયલ તણા
વહેંચી લેજો એ વસિયત ખરી એ જ મુજની.

F.B.



જન્મ: ૧૨ સપ્ટેમ્બર, ૧૯૫૩

# ન રાખું હું કોઈ

(શિખરિણી)

**રમેશ પટેલ 'ક્ષ'**

ન રાખું હું કોઈ સકલ સુખની આશ મનમાં,
કરું છું ના કોઈ વિષય પર ક્યારેય રટના.
ધરાનાં પુષ્પોમાં મધુ ટપકતી અલ્પ સુરભિ,
હરિ! જો પામું તો મુજ જીવનને ધન્ય સમજું.

વહે આંખો સામે કલકલ થતાં રમ્ય ઝરણાં,
અને પંખીઓના કલરવ મળે તોય બસ છે!
કદી નાં ઝંખ્યું છે તનબદનને સજ્જ કરવા,
ઘણું છે જો પામું તવ સ્મરણ સંગે વિહરવા.

તમારી દૃષ્ટિની અવિરતપણે છાંય મળતાં,
હરિ! હૈયું કેવું હરણ સમ આ ગેલ કરતું!
વળી, ટહુકો જાતા મનમયૂર કેવા ભીતરમાં,
ખુશી કેરું ત્યારે, નયનમહીંથી અશ્રુ ખરતું!

હવે આ દૃષ્ટિમાં સકલ સુખ તો વ્યર્થ દીસતું,
હરિ! જો આપો તો ફક્ત દઈ દો શાન્તિ ઉરની!

F.B.



જન્મ: ૩૦ જુલાઈ, ૧૯૭૬

# મને વાગી ગઈ બાવળની શૂળ

જિજ્ઞા વોરા

વાડામાં વાવેલાં થોરિયાંથી થાકીને, ભાગ્યા ને પહોંચ્યા જ્યાં દૂર
સાવ રે અજાણ્યા એ સપનાના દેશમાં, વિસ્તરતી રણ નામે ધૂળ
સખી! મને વાગી ગઈ બાવળની શૂળ...

જળ ના મળ્યું તો અમે રણને પી લીધું
ને વંચના વિશે નથી કોઈને કંઈ કીધું
રાતે ને દિવસે ને દિવસે ને રાતે હું તો ખંખેરું આયખાની ધૂળ.
સખી! મને વાગી ગઈ બાવળની શૂળ...


રણ મહીં બાવળિયે આવ્યાં'તાં ફૂલ!
રંગોમાં મોહ્યાં તે કેવડી આ ભૂલ?
એવા તે રંગોમાં શ્રદ્ધા ઝબોળી તો રણમાં ઊડ્યું રે પટકૂળ
સખી! મને વાગી ગઈ બાવળની શૂળ...

આંખ્યુંને ધોઉં તો મારું આંજણ રેલાય
જો જો આ સપનાથી એવું ન થાય
ભીતર ભીનાશ સાવ સુકાતી જાય ને વિસ્તરતા વેદનાના મૂળ!
સખી! મને વાગી ગઈ બાવળની શૂળ...

રણ મહીં બાવળિયે નાખ્યાં છે મૂળ;
ભૂલી હું ગાંડા બાવળિયાનું કુળ
અંદરથી આવે પીડાનું ઝૂંડ એને કેમ કરી કાઢવું સમૂળ?
સખી! મને વાગી ગઈ બાવળની શૂળ...

# સાંકળ

ધરમાભાઈ શ્રીમાળી






જન્મ : ૨૧ ડિસેમ્બર ૧૯૫૭

અઠવાડિયા પહેલાં વિયાએલ ભેંસની પીઠે હળવા હાથે થપથપી કર્યા પછી મેની ઘરમાં આવી. દૂધ ભરેલી ડોલ એક બાજુ મૂકી. અને લાઇટ ગઈ. એણે ઝટપટ ચૂલાગર બાજુ માચીસ શોધવા ફાંફાં માર્યાં. ચૂલાના મેડા પાસે પડેલી માચીસમાં એક દીવાસળી હતી. દીવડું સળગાવ્યું. દાદીમાનો ખાંસવાનો અવાજ આવ્યો.

'મા, તમીં ધ્યાંન રાખજો લગીર...મું પેટી લીન્ આ આઈ... મૂઈ એક દીવાહળી નેહરી. રાતે જરૂર પડસ્ તો ચ્યાં લેવા જવું.' કહેતી એ હડફ દઈને ડેલીનું કમાડ ઉઘાડતી બહાર નીકળી.

'ઝટ્ આવજે, મેની. મન કાંય ભળાતું નહિ. દૂધ ઘર વચી મેલીન્ જાંયસી...' દાદીનો અવાજ ડેલીની અંદર જ ઘૂમરાતો રહ્યો.

જેઠ વદ બારસનું અંધારું છવાતું જતું હતું.

નૂર મહંમદના ગલ્લેથી માચીસ લઈને મેની ગલીમાં વળે એ પહેલાં પાછળ સિસકારો થયો.

એણે પૂંઠ ફેરવીને પાછળ જોયું. મેઘો એની લગોલગ આવીને ઊભો રહ્યો હતો. છવાતા અંધારામાંય બન્નેની આંખો ઇશારે ચઢવા માંડી. ને પછી કોઈ જોઈ જશે એવી બીકે મેઘાએ લાગલું જ કહી દીધું, "તારો બાપોન્ તારી બઈ આયાં ?'

'ના'

'તાંણઅ... આજ ?'

'ધેમું બોલ...' કહી એ ચાલવા માંડી.

પણ... પણ... વાત તો હાંભળ...' કહી મેઘાએ એનો હાથ પકડવા કોશિશ કરી.

એ એક બાજુ થઈને છટકતી હોય એમ થોડે દૂર ઊભી રહી. 'તુંય શું? તનં કીધું તો ખરું કે.' એ બોલી.

'તાંણઅ હાંકળ વાહતી નઈ મું મોડેથી' દબાતા અવાજે બોલતા મેઘાએ જોયું તો એ મોઢે હાથ દેતી, હસવું ખાળતી, ઇશારો કરતી સડસડાટ ડેલી ભણી જઈ રહી હતી. મેઘો એ બાજુ જોતો, ઘડીક ઊંચો-નીચો થતો ઊભો રહ્યો. પછી હળવાં પગલાં પાડતો ડેરી બાજુ વળ્યો.

આંગણામાં ભેંસ રેકવા માંડી હતી. એણે ડચકારો કર્યો. લીલોછમ્મ રજકો ભેંસને નીર્યો. ટૂંટિયું વળીને પડેલો પાડો થોડોક સળવળ્યો અને કૂદીને ઊભો થયો. ભેંસ આઘીપાછી થઈ પાડાને છૂટો મૂક્યો કે તરત જ ભેંસના આંચળે વળગી પડ્યો ને બુચકારા બોલાવવા માંડ્યો.

મેની ઓસરીની કુંભી પકડીને ધાવી રહેલા પાડા સામું જોતી ઊભી રહી.

લાઇટ આવી.

મેની, દૂધ આજુબાજુમાં આપી દેજે. અજું ભેંસનં અઠવાડિયું જ થ્યું સે... ડેરીમાં ભરાવા ના જતી.' દાદીએ કહ્યું.

'એ...હારું' એવો લહેકો કરતી એ કામે વળગી, પણ કામમાં જીવ ચોંટતો નહોતો. શરીર ઝણઝણી રહ્યું હોય એવું લાગ્યું.

કૂદકા ભરતો પાડો આખા આંગણામાં ફરવા લાગ્યો.

'બૂન. ચ્યાં જઈ, મેનડી ? આ પાડાને બાંધનં. જોનં કરી રયો સે આ ધડચો! વેરઈમાનો ગરબોય નકોમો પડ્યો. પાડી આઈ વોત તો...' કહીને દાદીએ છીંકણીની ડબ્બીનું ઢાંકણ હળવા હાથે ઠપઠપાવ્યું. પછી ઢાંકણ ખોલી, ડબ્બી સામે જોતાં-જોતાં જ બોલ્યાં:

'આજ ભઈ ચ્યમ્ ના આયા? બે જણાં જ્યાં સી. વઉંનું તો પિયોર સે તે રોકાવાનું મન

થાય, પણ ભઈન વચાર કરવો પડેન્ કે, ઘરે બીજું હાચબનારું નથઅ... માંથા જેવડી છોડી, ઢોરઢોંખર... સે કાંય ચંત્યાં!'

'વ્યમ જોઈતીમા, સેની ચંત્યા કરો સો?' કહેતી બાજુમાંથી સમી આવી.

કાંય નઈ'લી આય લે...' કહી છીંકણીની ડબ્બી ધરી.

'તે હાંભર્યું સે કે મેનીનો કજિયો હળુંજવાં જ્યાંસી, નઈ ?' કહીને રામીએ છીંકણીની ચપટી ભરી.

ડેલીનાં કમાડ બાજુ લમણો રાખીને વાસણ ઘસતી મેનીએ રામીની વાત સાંભળીને મોઢું મચકોડ્યું. ઘસેલાં વાસણ ઓસરીની જેર પર આડેધડ મૂકવા લાગી. એકબીજા સાથે ખખડતાં વાસણનો અવાજ ડેલીથી માંડીને આગળની ગલી સુધી ફરી વળ્યો.

'શું થાય, રાંમી, મૂવાંનું મૂઢું મેલાંણું વોત તો કાં'ક હુજ પડત. આજકાલ કરતાં...'

દાદીનું વાક્ય પૂરું થાય એ પહેલાં જ મેનીથી મનોમન બબડી પડાયું, 'બાર મઈના ઉપર થઈ જ્યું ને પછી આંખો સહેજ ઝીણી કરતી એ મેલું પાણી ઢોળતી ઊભી થઈ ગઈ.

'પિટ્યાં નથઅ તેડી જાવાનું કે'તાં કે નથઅ હરખો જવાબ દેતાં...' દાદીએ છીંકણીનો સડાકો લીધો ને આગળ ચલાવ્યું:

'ઈનં તો શેની ચંત્યા વોય ? નકટો થઈન્ ફરે સે શે'રની છોડિયું હારે... ઈનો બાપેય પે'લાં તો સોકરાનો વાંક કાઢીન્ નેમાંણો થાતો, પંચ આગળ કરગરતો'તો. મારા નાંનજીને ઈમ કે, અસે... થોડી રાહ જોયે, પણ શે'રમાં ફસાયેલો ઈનો નઈડો ધરાર ના પાડી બેઠો એકઅ... નાનજીય શું કરે ? છોડીનો બાપ... બેહી રે' ચાલે ?'

'જોઈતીમા, પૈણવા આયો ઇન ચેડી આંગણે તેડાયો'તો તાંણઅ તો હાવ સીધો લાગતો'તો મૂવો !

જેર પર બેઠી-બેઠી પગની પાનીનો મેલ ઉતારી રહેલી મેની આ વખતે તો બોલી જ પડી, 'જબરો સીધો હાં, રાંખીકાચી, કૂતરાની પૂંછડી જેવો! પછી ખ્યાલ આવ્યો કે દાદી સાંભળી જ્યાં અસી તો! એણે દાદી સામું જોયું, પણ દાદી તો રામીના સવાલનો જવાબ આપવામાં પડ્યાં હતાં.

'ઈમ તો... આંણું કર્યું તાં હુંધી મેનડીની આંસે જ ભાળતો'તો, પણ કૉલેજ કરવા જાજો

મત નં ફટજો મત ! મારી ગરીબ અસરાપ મેનડી... શી ખોટ સે છોડીમાં ? પિટ્યા ભમરાળા નં... દીવો લઈન્ હોધવા નેહરે તોય મેનડી જેવી ચ્યાંય મળે ઈમ સે?”

પવન રોકાઈ ગયો હતો અને ઉકળાટ વર્તાતો હતો.

મેની સાલ્લાનો છેડો હાથમાં લઈ વીંઝવા માંડી, શરીર પર પરસેવો રેલાતો હોય એવું લાગ્યું. અડધું ધ્યાન દાદી અને રામીની વાતચીતમાં અને અડધું બહાર હતું.

એ ઊભી થઈ. ડેલીનાં કમાડ ઉઘાડી, ડેલીના ઉંબર પર આવીને બેઠી.

‘અમ’લી, ત્યાં બેઠી સી ?’

‘બળ્યું, રામીકાચી, વાયરો જ નથઅ અડતો લગીરે!’

‘તમારા ઘરની વંડી જ ઊંચી સે પસી વાયરો ચ્યાંથી આવે, કે?’ કહેતી રામીએ જોઈતીમાને સૂનમૂન બેઠેલાં જોઈ, જ્યાં એમની વાતનો છેડો અધૂરો હતો ત્યાંથી જ શરૂ કરતાં બોલી, ‘એ તો હારું સે કે છોડી સીધી સે...’

દાદીએ ડેલીના ઉંબર પર બેઠેલી મેની તરફ નજર નાખીને, છીંકણીની ચપટી ભરવા જતી રામીની વાતમાં સૂર પુરાવ્યો, ‘હાવ હાચું સે હાં.. નકર, હાપનો ભારો ચમ કરી હચવાય!’

મેનીની પીઠનો ધક્કો લાગવાથી ડેલીનું કમાડ વંડી સાથે અથડાયું. કમાડની પાછલી બાજુની સાંકળ ખખડી, એણે ઊંચે જોયું. સામેના કમાડની બહારની સાંકળ લટકી રહી હતી. એ સૂનમૂન થઈ, એક પગ ઉંબર બહાર લટકતો રાખી, ડેલીની બહાર એક-બે વાર ડોકિયું કર્યા પછી વિચારોમાં ડૂબી ગઈ.

મૂવો, પે’લી વાર તો જાંણઅ લાડવો ભાળ્યો વોય ઈમ... નઅ, અવઅ શું હમજતો અસે ઈના મનમાં! પિટ્યાનું પે’લાં મૂઢામાં મગ ભર્યાં’તા? ફટ્ દઈન્ ભસી મર્યો વોત કે મારે ગોમડાનું અભણ બેરું નથઅ જોયતું તો... આ એક ભવમાં...

કશું યાદ આવ્યું હોય એમ વિચારવું પડતું મૂકીને એણે ગલીની આરપાર જોવા માંડ્યું.

હજી ડેરીના મકાન બાજુથી દૂધનાં કેન આઘાંપાછાં થવાના અને હસીમજાકના અવાજ પડઘાતા હતા. એના મનમાંય કશુંક પડઘાવા લાગ્યું.

-નઅ મૂવો મેઘોય, હવાર ને હાંજ દૂધ ભરવા જઉં તાંણઅ, ‘મેની ચેટલા ફેટનું લાઈ સી?’ ક’ઈન ચોપડામાં લખતાં-લખતાં આંસ ઉલાળતો’તો, ચ્યમનું રે’વાય ? વરહ

ઉપર થઈ જ્યું. પેલી ગંગાડી ન્ હંતોકડી બબે સોકરાંની માયો થઈ. રાંડોન સોકરાંય એ્વાં ભફ્લાં જેવાં ! ઈયાંના ધણીથીય રૂપાળા !

એણે લાંબો શ્વાસ ખેંચીને ડેરીના રસ્તા બાજુ જોયું. પાછી અંદર આવીને ખાટલી પર આડી પડી.

લાલિયાએ ગાડાના પૈડા પર એક પગ ઊંચો કરીને એકી કરી. પછી ચાટ સૂંઘીને એંઠવાડ ચાટવા લાગ્યો.

ડેરીના ખટારાનું હોર્ન વાગ્યું.

'આવવા દો... આવવા દો... એ... હાં.'

દૂધ ભરેલાં કેન ચઢ્યાં. ધબૂ... ધબ્...

ખાલી કેન આડાંઊભાં ફેંક્યાં.

ખટારાની એક બાજુનો ભાગ ધબ્ દઈને બંધ થયો. બન્ને બાજુની સાંકળ ભિડાઈ. ને ખટારાએ, જવા દો... જવા દો... ના અવાજ સાથે વળાંક લીધો.

'આજ દૂધનો ખટારો લેટ આયો વોય એમ નથઅ લાગતું'લી મેની ?'

મેનીએ જવાબ ન આપ્યો.

'લ્યે, આ છોડી તો ઊંઘવાય માંડી.'

એને હસવું આવ્યું. એ ઊંઘવાનો ડોળ કરતી પડી રહી.

'લ્યોં તાંણઅ, સખરાત કરો માડી,' કહી રામી ઊભી થઈ. .

'રાંમી, મેનડી હુઈ જઈ સે?

'ઓવઅ...'

'જોકીંન્ આ છોડી, ઘર ઉઘાડું પડ્યું સઅન્...'

'બળ્યું, અમણાં-અમણાંથી આજુબાજુમાં ચોરીઓ વધવા માંડી સે.' રામી હજી બોલતી ઊભી હતી.

એણે પડખું ફેરવ્યું, એટલે રામીએ બાવડું પકડીને ઢંઢોળતાં કહ્યું, 'મેનડી, ખબેર રાખજે. જોઈતીમાનં આંસે ભળાતું નથઅ... ના વોય તો મુ હુરવા આવું આજની રાત.'

એ સફાળી બેઠી થઈ ગઈ, “ના, ના, કાચી, કાંય ચંત્યા જેવું નથઅ. મું સું, દાદીમાં સી. ખાલી ખોટાં તમોન હેરાંન કરવાં.’ કહી માથાનાં ઝટિયાં બે હાથે ભેગાં કરી આંટી મારવા લાગી.

‘આંમ તો કોંય ભો નથઅ. બાજુમાં જ સું. હુરો તમતમારે.’

‘એ... હારું.’ કહેતી એણે ડેલી બહાર નીકળેલી રામીની પીઠ પાછળ, ‘જોને આંયથી બાપા! જેવું બબડી, બે હાથ જોડ્યા અને ‘હાશ’ કરતી ઊભી થઈ.

‘બૂન, પાંણીનો લોટોય ભરતી બેહજે.’

પાણિયારેથી લોટો ભરી દાદીના ખાટલા નીચે મૂક્યો. લાઇટ બંધ કરી. ઓરડાનાં કમાડ વાસ્યાં, તાળું માર્યું. ચાવી સાલ્લાના છેડે બાંધી. પાડા પાસે જઈ બેઠેલા લાલિયાને ઉઠાડ્યો. ભેંસની પીઠે હાથ પસવાર્યા. ચાર નાખી. બળદની ગમાણમાં વેરાયેલી ચાર સરખી કરવા ગઈ અને ડેલીના કોટ પાસે વીજળીના થાંભલાનો ગોળો ફૂટવાનો અવાજ આવ્યો.

‘કુણ સઅ... પિટ્યું ?’ કહેતી એ ડેલી બહાર જોવા લાગી, પણ અંધારામાં કશું દેખાયું નહિ. ડેરી બાજુના થાંભલે ઝાંખા પ્રકાશમાં નજર ખેંચીને જોવા લાગી.

મેઘાએ ડેરી બંધ કરી. પગથિયાં ઊતર્યો અને આ તરફ નજર નાખતો ઊભો રહ્યો. ઘડિયાળમાં જોયું. પછી ધીમે-ધીમે ચાવીનો ઝૂડો આંગળી પર ફેરવતો રહ્યો.

હજી ક્યાંક ક્યાંક ઢાંકોઢંબો થવાના આછાપાતળા અવાજો આવી રહ્યા હતા. કોઈ ઘરેથી નાનાં ભૂલકાંનો રડવાનો, તો કોઈ ઘરેથી પતિ-પત્નીની રકઝકનો અવાજ સંભળાતો હતો.

એણે ધીમેથી ડેલીનાં કમાડ આડાં કર્યાં.

‘કુણ અતુ, મેની ?’

‘કોઈ નઈ... એ તો ગોળો ઊડી જ્યો.’ કહી એ શિંગડાં વીંઝતા બળદ પાસે આવીને ઊભી રહી. એનું મન ઉપરતળે થવા માંડ્યું. એ ક્યાંય સુધી ડેલીનાં કમાડ તરફ સૂનમૂન જોતી રહી. પછી મનોમન, ‘મેઘલોય પિટ્યો, બાર મઈનોમાં જબરો ઉશિયાર થઈ જ્યોં લાગે સે!’ જેવું બોલી.

આજ પહેલી વાર એના મનને કીડિયારું વળગ્યું હોય એમ થવા લાગ્યું. શું કરવુંની અવઢવમાં એ પોતાની જાતને જ મનોમન ઠપકો આપવા લાગી.

- મીં જ મૂઈને... માથું હલઈન્... પર્સીએ... અમણાં કે તો આયો કઅ આયો...

એણે દાદી સામે જોયું. દાદી એમની ટેવ મુજબ માળા ફેરવતાં બેઠાં હતાં.

ઉકળાટ વધવા માંડ્યો હતો.

ક્યારનીય બળદની આગળ ઊભાં રહેવાથી, બળદે મોં ખેંચીને એના હાથ પર જીભ ફેરવવા માંડી હતી. બળદની કરકરી જીભના સ્પર્શથી એના શરીરે ધીમી કંપારી છૂટવા માંડી. શરીરનાં રૂવાડાં ખડાં થાય એવું થયું, પણ બીજી જ પળે બળદમાં નસકોરાંમાંથી ફેંકાવેલો ગરમ લાહ્ય ઉચ્છ્વાસ સીધો છાતીએ જ વાગ્યો હોય એમ એ બે ડગલાં પાછળ હટી ગઈ.

દૂર ગામના પાદર બાજુ શિયાળવાં થયાં.

હાકુઉ... હાકુઉ...

કૂતરાં ભસ્યાં. લાલિયો ઊંચું મોં કરી લાંબું ભસ્યો.

'મેની, એમ કર, બેટા...' કહેતાં દાદીએ એને નજીક બોલાવી કાનમાં કહેતાં હોય એમ ખૂબ ધીમેથી કહ્યું:

'તારા બાપાનું પે'રણ નઅ ફાળિયું પડ્યું સે. પે'રીન્ હુઈ જા આજની રાત. આપણ બે સીએ. નઅ કરે નારાંણ નઅ.. આ તો વચિતર વસ્તી સઅ. ચોરીચગાળી કરનારાંનું શું પૂસવું ? ગમે ઈમ તોય આપણ બાઈ માંણહ... તારા બાપાનાં લૂગડાંનો ફેર પડઅ...'

ઘડીક તો એનેય હસવું આવ્યું. પછી મનમાં થયું, આયે બરોબર સે. મેઘલો સો ન્ ગોથાં ખાતો.

એણે ઓસરીની ખીંટીએ લટકતું પહેરણ પહેર્યું. માથે આડુંઅવળું ફાળિયું વીંટ્યું. કાળી છીંટનો ઘાઘરો કાઢીને, સફેદ પહેર્યો. પછી હસતી, તાળિયો લેતી દાદીની સામું જોવા લાગી.

'ચેવી લાગું સું મું?' કહેતાં એણે ઓસરીની લાઇટ કરી.

'અસ્સલ મારા નાંનજી જેવી લાગી સી! ઈના જેવો જ રૂબાબ...' દાદી ખુશ થતાં બોલ્યાં.

એણે પોતાના શરીર ફરતી નજર નાખી. પહેરણની બાંયો પર વારાફરતી હાથ ફેરવીને, બાંયો સરખી કરી, બટન બીડ્યાં. ફાળિયું બે હાથે પકડી બરાબર ફિટ કર્યું.

ટોડલે લટકતા દર્પણમાં જોયું. ઘડીક તો એ પોતે જ શરમાઈ ગઈ હોય એમ થયું. દર્પણમાં એનું ભરાવદાર ગોળ મોં, માથે ફાળિયું વીંટવાથી, રુઆબદાર લાગતું હતું. એણે ધીમે- ધીમે દર્પણમાં નજર સ્થિર કરી. પછી થયું,

દાદીમા હાચું કી સી... રૂબાબ તો બાપા જેવો જ...

લાઇટ બંધ કરી. શરીરમાં ગરમી વર્તાવા લાગી. નસેનસમાં કશુંક સંચરવા માંડ્યું. છાતી ટટ્ટાર થતી હોય એમ શરીરે અંગડાઈ લેવા માંડી. બે હાથની મુઠ્ઠીઓ સહેજ સખતાઈ પકડતી બિડાવા માંડી. આંખોની દષ્ટિ બદલાવા માંડી. 'કુની તાકાત સે કે ડેલીમાં પગ મૂકી શકે ?' જેવી મગરૂબી મગજમાં ફૂટવા માંડી. આ આંસોને આજી આંમ ચ્યમ કતરાતી નજરે જોવાનું મન થાય સે? આ ઘર, ઘરની પરસાળ, આંગણું, વંડી, વંડીના કમાડ અને કમાડે લટકતી હાંકળ...

લાલિયાએ કાન ટપકાર્યા,

સાંકળની આરપાર ટકરાતી નજર ઝડપથી એના મનમાં અંદર સમેટવા લાગી. એને થયું, હારું થયું લાલિયાએ કાંન ટપકાર્યા તે ! નકર આંસ હાંકળ હાંમેથી ઊખડવાનું નામ જ નતી લેતીન્... એણે દાદી સામું જોયું. દાદી હવે ઊંઘતાં હોય એવું લાગ્યું. મનમાં થયું, બળ્યું આમ તો શરીરમાં બાપા જેવી હેમત લાગે સે. નઅ આંમ હાંકળ હોમું જોવું સું ન્ અમ ઢીલી પડતી હોઉ એમ થાય સે?

ડેલીનું કમાડ હલ્યું હોય એવો અવાજ થયો. સાંકળ ભીડવાની ઇચ્છા થતાં બે-ત્રણ વાર ઊભી થવા પ્રયત્ન કર્યો, પણ શરીર જાણે ખાટલીમાં જકડાઈ ગયું હતું.

ચોફેર અંધારી રાતનો સૂનકાર વધતો જતો હતો. વાતાવરણમાં એકદમ ચુપકીદી છવાઈ ગઈ હતી.

પરસેવાથી તરબતર શરીરને વાયરો નાખવા માટે આસપાસ કપડું લેવા નજર નાખી. એ ચોંકી ઊઠી..

'હે...! આ તો બાપાનો ખેહ લટકે સે ! ખભે નાખવાનું ભૂલી જ્યા લાગી સી. મારી બળતરામાં નઅ બળતરા માં...

આંગણામાં તાર પર લટકતા ખેસ સામે જોયાં કર્યું. એનાં લગ્ન વખતે એનો બાપ ખભે ખેસ નાખી મહેમાનોની જે રીતે સરભરા કરી રહ્યો હતો એ આખેઆખું દશ્ય એની આંખોમાં ઊપસવા માંડ્યું. ખભે ખેસ, માથે ફાળિયું, બગલાની પાંખ જેવાં કપડાં અને સાજનમહાજનમાં મહાલતા બાપનો રુઆબ.

એનું મન હાલકડોલક થવા માંડ્યું.

ક્યારનાય અટવાઈ ગયેલા પવનનું એક ઝોકું આવ્યું. ડેલીનું કમાડ ધડમ્ કરતું ખૂલી ગયું.

એ સફાળી બેઠી ગઈ. છાતી ધક્-ધક્ થવા માંડી. એ માંડ-માંડ ડગલાં ભરતી ડેલીનાં કમાડ પાસે આવી. બે હાથે કમાડ બંધ કરી, કમાડ સાથે પીઠ દબાવીને શ્વાસ ખાતી ઊભી રહી.

આંગણામાં તાર પર લટકતો ખેસ હવામાં ફંગાળાતો હતો...

મેઘો હજુ આવ્યો નહોતો. તોય મેઘાની બીક લાગવા માંડી, ઘડી પહેલાં આપાનાં કપડાં પહેરવાથી શરીરમાં આવેલું અનોખું જોમ બંડ પોકારવા લાગ્યું. બંધ કમાડે પીઠ દબાવીને લોથપોથ થતી હોય એમ એ ક્યાંય સુધી ઊભી રહી. પીઠ પાછળ હડદોલા વાગવા શરૂ થયા હોય એવું લાગવા માંડ્યું.

આગળ ખોરડું, પાછળ ગલી, ગલીમાં અંધારું. એણે ઉપર જોયું. કમાડની સાંકળ માથા ઉપર જ લટકી રહી હતી.

પવન એકધારો શરૂ થયો હતો.

પીઠ પાછળનાં કમાડ ધડાધડ થતાં હોય એવો અવાજ થયો. દાદી પડખું ફરતાં બોલ્યાં, 'શું ખખડ્યું, ભઈ નાંનજી ! જોનં ડીચરા... કાંય ભજવાડ તો નથઅ થ્યોન્...'

મેની હબક ખાઈ ગઈ.

પીઠ પાછળ તો ખરી જ, પણ છાતીની આરપાર અગનઝાળ લાગી હોય એમ એ ભાગી. ઝડપથી ખાટલીમાં આડી પડી, ઉપર આકાશમાં ક્યાંય વાદળ જેવું નહોતું. તારા ખીલ્યા હતા. આકાશ ચોખ્ખું વર્તાતું હતું. એ જોઈ રહી. ઘડીક આકાશ સામે, પોતે પહેરેલાં બાપનાં લૂગડાં સામે, વળગણીએ લટકતા ખેસ સામે, દાદી સામે અને ડેલીનાં કમાડ સામે.

પવન ધીમો પડ્યો હોય એવું લાગ્યું ખરું, પણ ડેલીનાં કમાડ હાલતાંય નહોતાં કે ખખડતાંય નહોતાં. બરાબર ફિટ હતાં. એને નવાઈ લાગી.

'મૂઈ... હાંકળ ચ્યારે વહાંણી !'

(ઈન્ડિયા ટુડે - ૫ ઓક્ટોબર, ૧૯૯૬)

## નિબંધ

# શરીર સંકોરતો મનને ઉખેળતો શિયાળો

યજ્ઞેશ દવે



જન્મ : ૧૯૫૪

શિયાળાની સવારનો, ગરમ ધાબળી જેવો તડકો ઓઢીને બાલ્કનીમાં બેઠો છું. હમણાં જ બહાર નીકળ્યો છું, બાકી તો ઘર એ ભરાઈ રહેવાનું દર બની ગયું છે. આ બે-ત્રણ મહિના Hybemationમાં જ જવાનું છે. ઘરમાં બારીના કાચમાંથી આવતો પ્રકાશનો સેરડો, તેમાં ઊડતાં રજકણો જોયા કરું છું. ગોદડાં, રજાઈ, ધાબળા, ડામચિયા કે પેટી, પલંગ નીચેથી બહાર આવ્યા છે. માના સાડલાની જૂની ખોળવાળું ગોદડું જોઈને અચાનક દૂર બેઠેલી મા યાદ આવી જાય છે. ઘરમાં મેથી-લસણના વઘારની ગંધ રસોડામાંથી ઓરડે ઓરડે ફરી વળી છે. મેથી અને રીંગણાંનો ઓળો ન હોત તો શિયાળા સામે કેટલી, ફરિયાદો હોત! પેટીપૅક ઘરમાં શિયાળો ઝટ દઈને પ્રવેશ કરી શકતો નથી, પણ પેલાં જૂનાં વિલાયતી નળિયાંવાળા ઘરની ઊંચી છતોની નળિયાંની તિરાડોમાંથી કાતિલ શિયાળો કેવો સલૂકાઈથી સરકી આવતો. થીજેલા કોપરેલને હથેળીમાં ઓગાળી નાના પગ પર સ્નિગ્ધ માલિશ પછી જૂના લેંઘા, આખી બાંયના મોટા ભાઈઓના જૂના શર્ટમાં સુકલકડી શરીરને લપેટી લીધું છે. એકાદ સ્વેટર અંદર એકાદ બહાર ને માથે મફલર કે વાંદરાટોપી પહેરી તબડકામાં કરેલા તાપણા આસપાસ ગોઠવાઈ ગયાં છીએ. ગરમ દૂધ પેટમાં પડ્યું છે. તડકામાંના તાપણાના છાણાનો રતૂમડો પ્રકાશ અમારા

મોં પર ચળકે છે. કાનટોપી વધુ નીચે ખેંચી મોટા ભાઈ વાર્તા માંડે છે. આખું ઘર એક હૂંફની આસપાસ વીંટાઈ ગયું છે. એ નજીક નજીક સાથે બેસવાની પણ તાપણાથી વધારે હૂંફ હતી. વાર્તા પૂરી થવા આવી છે. બળતાં છાણાંના લાલ અગ્નિગર્ભ પર રાખોડી રાખ બાઝવાં લાગી છે. એ રાખમાંથી અગ્નિના શિરાઓ તિરાડો દેખાય છે. તાપતા હાથ તાપણાની વધુ નજીક પહોંચી ગયા છે. સહેજ ફૂંક મારતાં રાખમાંથી લાલચોળ અગ્નિ દેખાય છે. આંખ ઊંઘે ચડી છે. પથારીમાં નાક સુધી ગોદડું ખેંચી હાથને પગ વચ્ચે સંતાડી ગૂંચળું બનીને પડ્યા છીએ ઘસઘસાટ.

શિયાળાની એક બીજી મજા હતી. સ્વેટર, મફલર, ટોપીનાં પોશાક રંગબેરંગી બને. સ્ત્રીઓ આખા શરીરને રંગબેરંગી સાડલામાં લપેટે, નાક મોંને સાડલામાં લઈ માત્ર આંખો દેખાય તે રીતે લાજ કાઢી મોં પાસે ધીમા દબાતા અવાજે વાતો કરતી આ જ ઋતુમાં જોવા મળે. જમરૂખનું શાક બનાવવા માએ છાના માના ઘરમાં ક્યાંક સંતાડી રાખ્યાં હોય, તેની ગંધથી તેની શોધ ચાલતી. વગડામાં બોરડીનાં બોર વીણવા ગયેલા તે કેટલીક બોરડીઓ અચાનક અડાબીડ અહીં ઊગી નીકળી છે. પીળાં બોરનો ખટૂમડો સ્વાદ, લાલ બોરનો મીઠો ગર, ક્યાંક વાગી ગયેલો વાંકડો કાંટો, સોરાતો પવન, તળાવના તરલ પાણીમાં ઊતરતી હજારો કુંજડીઓ, ઘઉંની ઊંબીની લીલી લીલી મૂછો, આંબળાનું જીવન, ગુંદરપાક માટે તળાતા ગુંદરની ઘીભરી સુગંધ - આ બધું આ વખતે એકસાથે યાદ આવે છે. આ શિયાળાને પ્રાકૃતગાથાઓ થકી તે સ્થળકાળમાં મેં માણ્યો છે. આ ગાથામાં પથિકને રાતના કેવી તો ઠંડી લાગી હશે કે ભોંકાતા તણખલાની પરવા કર્યા વગર પરાળની પથારીમાં ઊંડો ઊંડો ખૂંપતો ગયેલો. "શિયાળાના આરંભના પ્રભાતે કોગળા કરતાં કરતાં જુઓ પેલો પથિક પરાળની તીક્ષ્ણ અણીથી ઉઝરડાયેલાં પોતાનાં અંગો પર ભીનો હાથ ફેરવીને તેમને સુંવાળા કરી રહ્યો છે." તાપણાના અગ્નિની આ પ્રાકૃત કલ્પના પાછળ આપણી માનવજાતિની હિમયુગની કોઈ Collevtive unconcviousness હશે? "જુઓ! હેમંત ઋતુમાં આ દળદરી, ગામના દેવળનાં દ્વાર પાસે પથિક પરાળના ઠરી જતા તાપણાને (ઉપર વળી ગયેલા રાખના પડને) જાણે કે રીંછ ચીરતો હોય તેમ ચીરી રહ્યો છે" અને આ પોતડી, કેટલી Senseous છે - સ્પર્શ ગંધ રંગથી પામી શકો. "દારિદ્રથી પીડાતો માણસ તાપણાની ગંધવાળી, ધુમાડાથી પીળી પડેલી, ઠેર ઠેર તણાઈ ગયેલા ને ઝળી ગયેલા તાંતણાવાળી તેની જીર્ણ પોતડીથી હેમંત ઋતુમાં ઓળખાઈ આવે છે."


કૉન્ફરન્સ-સેમિનાર - શિબિરની આ ઋતુમાં હું એકદમ અંગત થઈ જાઉં છું. હિમયુગની ગુફા સુધી મારી સ્મૃતિ પગલાં સૂંઘતી સૂંઘતી જાય છે. એ લુપ્ત પ્રકાશન

યુગ ઊખળવા લાગે છે જ્યારે અગ્નિ, માંસ અને માદાની હૂંફથી યુગો સુધી ગુફામાં રહ્યો હતો અને બહાર નીકળીને નેજવું કરીને જોયું તો પૃથ્વી પરની બરફની ચાદર હળવે હળવે પીગળતી હતી.

અમદાવાદમાં તો આવી શિયાળુ સાંજે વાહનો અને મિલોનો ધુમાડો ઘટ્ટ થઈ જામતો જતો. સાબરમતીના ખુલ્લા પટમાંથી તેના પટ્ટાઓ સ્પષ્ટ દેખાતા. બધે ધૂંધળું ધૂંધળું. આ ધૂંધળાશને ધુમ્મસ સાથે કોઈ સંબંધ નહીં. ધુમ્મસની તો પ્રાકૃતતા, ઠંડી અને તાજગી જ અનેરી. આખી સૃષ્ટિ એકદમ રહસ્યમય અને ધીમે ધીમે ધુમ્મસ વિખેરાય ત્યારે સૃષ્ટિનિર્માણની ક્રિયા આપણી નજર સામે આરંભાતી ભજવાતી હોય તેવું લાગે. પદાર્થો તેમનું વજન ગુમાવી કે હળવો આકાર ધારણ કરીને ઊભા હોય, રંગો પણ ચિત્રને હળવો વૉશ આપ્યો હોય તેવા આછા. દૂરના આછા આકારો તો "આઘે ઊભા તટ ધુમ્મસમાં દ્રુમો નીંદ સેવે"ની જેમ સ્વપ્નિલ લાગે. આ ઋતુમાં હું એકદમ એકાકી થઈ જાઉં છું. જીવનાનંદદાસની એ રહસ્યમયી સૃષ્ટિમાં કશોક અર્થ શોધવા ભટકું છું. આ નિર્જન નિશ્ચેષ્ટ Landscape નિયોરિયાલિઝમથી દોર્યો છે?

"પહેલી ફસલ પહોંચી ગઈ છે ઘેર-
હેમંતના ખેતરે ખેતરમાં ઝરે છે
માત્ર ઝાકળનું જળ;
માગશરની નદીના શ્વાસમાં
હિમ થઈ જાય છે
વાંસનાં પત્તાં-મરેલું ઘાસ-આકાશના તારા;
બરફ જેવો ચંદ્ર ફુવારો રેડે છે!"

અસ્ફુટ એવી કાતર વેદનાને લઈ આવે છે શંખમાલા-




"અરણ્યનો પથ છોડી અંધારામાં
તે કઈ એક નારીએ આવીને મને બોલાવ્યો, કહ્યું,
"તમને ચાહું છું:"
નેતરના ફૂલ જેવી નિર્લોભ વ્યથિત તમારી બે આંખો.
શોધી છે મેં નક્ષત્રોમાં - ધુમ્મસની પાંખોમાં -
સંધ્યાની નદીના પાણીમાં ઊતરે છે જે પ્રકાશ
આગિયાના શરીરથી - શોધ્યા છે તમને મેં ત્યાં-
ધૂસર ઘુવડની પેઠે પાંખો પસારી માગશરના અંધારામાં
ધાનસિડિને કાંઠે કાંઠે."

પોષની મ્લાન સાંજે નદી નારી બની જાય છે -

"આપ એ જેઓ ભમ્યા છીએ નિર્જન ખડનાં ખેતરોમાં પોષની સાંજે,
જમણે જોઈ છે, ખેતરની પાર નર નદીની નારી વિખેરે છે ફૂલ
ધુમ્મસના; સદીઓ શૂળ ગામડાગામની નારી જેવા જાણે અરે
તેઓ
બધાં; આપણે જેમણે જોયું છે... અંધારામાં આકડો અને
ઊંદરકરણી
આગિયાથી ભરાઈ ગયાં છે; ફસલ વગરના ખેતરને ઓશીકે
ચૂપચાપ ઊભો છે ચંદ્ર - કોઈ ઇચ્છા નથી તેને ફસલ માટે; -"

માગશરના વગડામાં મળી આવી છે આ ચિરપુરાતન નારી

"જાણું છું હું તારી બે આંખો આજ મને શોધતી નથી
હવે આ પૃથ્વી પર -"
બોલી છું અટકી ગયો. માત્ર પીપળપાન પડેલાં છે ઘાસની અંદર
સુક્કા અમળાયેલાં ફાટી ગયેલાં;
- માગશર આવ્યો છે - આજ પૃથ્વીના વનમાં
તે બધાની બહુ પહેલાં આપણાં બે જણાંના મનમાં
હેમંત આવી છે; તેણે કહ્યું, "ઘાસની ઉપર પાથરેલાં બધાં
પાંદડાંના
આ મુખ પર નિઃસ્તબ્ધતા કેવી છે, જાણે સંધ્યાનો ઝાંખો અંધકાર
પાણી ઉપર ફેલાઈ ન ગયો હોય -"

જીવનાનંદદાસની સૃષ્ટિમાં ઉત્સાહ ઉત્સવ વસંત વર્ષા નથી. છે એક આદિમતા પૃથ્વીના પ્રાકટ્યકાળની રહસ્યમય ધૂસરતા. આગિયો, આકડો ધાનનાં ખેતરો, ધુમ્મસ, નરમ નદી તેમણે. નામ પાડીને વાત કરી છે તે નાટોરની વનલતાસેન બધાં અનામી અવગુંઠનમાં કશુંક વેષ્ટિત કરીને બેઠાં છે. વસંત અને વર્ષા આપણને ઓગાળી કાલવી નાખે. છે, જ્યારે આ હેમંત અને શિશિર તમને એક Aesthetic distance પર રાખી તમારા અસ્તિત્વના દાબને અનુભવતા જગતને જોવા જરૂરી એવી પૃથકતાની પીઠિકા બાંધી આપે છે.

'નિસર્ગલીલા'

# ગુજરાતી સાહિત્યની સમૃદ્ધિ : સ્વરૂપની દૃષ્ટિએ

ચન્દ્રકાન્ત ટોપીવાળા



જન્મ : ૭ ઓગસ્ટ ૧૯૩૬

સાહિત્યમાં સ્વરૂપની સંજ્ઞા બે અર્થમાં વપરાતી આવી છે. કૃતિની આંતરસંબદ્ધ તરહો અને એને જીવંત એકતા અર્પતી પ્રવિધિઓને સમાવતો તેમજ એના વિષયવસ્તુને સૂચકતા આપતો કૃતિને આકાર કે એની આકૃતિ, તે સ્વરૂપ. કૃતિએ વૈયક્તિક અભિવ્યક્તિનો જે વિશેષ હોય છે, એને સ્વરૂપનો આ પહેલો અર્થ સ્પર્શે છે. સ્વરૂપનો બીજો અર્થ : સ્વરૂપ એટલે સાહિત્યપ્રકાર. કોઈપણ ભાષાના સાહિત્યમાં ભાષાના સંકેતો ઉપરાંત સાહિત્યના સંકેતોની પરંપરા હોય છે. અને આ સાહિત્યસંકેતોનાં સંયોજનોની કોઈ ચોક્કસ રીતિઓ, ચોક્કસ પ્રવિધિઓ અને એના ચોક્કસ પરિમાણો હોય છે. આ પારંપરિક વિશેષ છે એટલે કે સ્વરૂપને જ્યારે આકૃતિ કે આકારના અર્થથી ગ્રહીએ છીએ ત્યારે કૃતિના વૈયક્તિક વિશેષને ગ્રહીએ છીએ અને સ્વરૂપને જ્યારે પ્રકાર તરીકેના અર્થથી ગ્રહીએ છીએ ત્યારે એને પારંપરિક વિશેષ તરીકે ગ્રહીએ છીએ. ટૂંકમાં સાહિત્યમાં પારંપરિક વિશેષની ભોંય પર વૈયક્તિક વિશેષ રચાય છે.

કોઈપણ સાહિત્યના વૈયક્તિક ઉન્મેષોની સમૃદ્ધિને આકલિત કરવા માટે એ સાહિત્યના પારંપરિક વિષયોના પરિપ્રેક્ષ્યનો ખ્યાલ અનિવાર્ય છે. વળી કોઈપણ ક્ષેત્રમાં તેમ સાહિત્યમાં પણ પ્રત્યેક વૈયક્તિક વિશેષ પારંપરિક વિશેષમાં કશુંક ઉમેર્યા વગર રહેતો નથી. પારંપરિક વિશેષ એ કોઈ હંમેશ માટે

સ્થગિત, નિશ્ચિત, સ્થિર કલ્પ નથી. પરંતુ પ્રત્યેક વૈયક્તિક વિશેષની પરિવર્તિત છતાં પરિચિતો રહેતો ઉત્ક્રાંતિશીલ કલ્પ છે. કેટલીકવાર આગન્તુક રીતે પ્રવેશ પામતાં તત્ત્વો, કેટલીકવાર મિશ્રિત થતાં નવા સંદર્ભનાં નીપજ રૂપ તત્ત્વો, જે તે સમયની સાહિત્યિક વિભાવનાઓ અને માન્યતાનાં સંસ્પર્શનાં તત્ત્વો, ક્યારેક સદંતર લુપ્ત થઈ જતાં, અટરી જતાં તત્ત્વો- આ બધાંનો આમાં સમાવેશ થાય છે.

આવા પારંપરિક વિશેષના સંકેતોને લક્ષમાં રાખી ગુજરાતી સાહિત્યની સ્વરૂપ-સમૃદ્ધિને એના સાહિત્યપ્રકારોની વિપુલતાને જોઈ લેવાનો અહીં આશય છે. આમ તો, મૂળભૂત રીતે કોઈપણ સાહિત્યના ત્રણ મુખ્ય પ્રકાર છે : ઊર્મિવિષયક, કથાવિષયક અને નાટ્યવિષયક અનેક પ્રકારો પામ્યો છે. એ બધા સંસ્કૃત સાહિત્ય અને પારંપરિક સ્થાનિક સાહિત્યના સંકેતોનાં મિશ્રણોથી તૈયાર થયેલા તત્દેશીય દેશજ પ્રકારો છે. ગદ્યના અર્વાચીન ગુજરાતી ભાષામાં જે તે પ્રકારો જડે છે તે તત્દેશીય નથી. પાશ્ચાત્ય સંકેતોના સીધા ગ્રહણથી સંઘટિત પ્રકારો છે.

ગુજરાતીમાં સાહિત્યનો મધ્યકાળ ધર્મ અને રાજ્યની બે ધરીઓ પર સક્રિય છે. કોઈપણ વિચાર કોઈપણ પ્રકાર, કોઈપણ સ્વરૂપ, કોઈપણ અભિવ્યક્તિ આ બે ધરીઓથી નિયંત્રિત છે. ધર્મની વિવિધ ક્રિયાઓ અને એનાં મુખ્ય લક્ષણોને જેમ સાહિત્યના વિવિધ પ્રકારોનું પ્રદાન કર્યું છે અને પ્રજાના ઊર્મિકાવ્યને ધબકતું રાખ્યું છે તેમ રાજ્યની વિવિધ ગતિઓ, રાજ્યાશ્રય અને એની સાથે સંકળાયેલી પ્રશસ્તિઓએ પણ વિવિધ પ્રકારો પણ ઓછા નથી. ધર્મના વિવિધ પ્રકારોએ પણ સાહિત્યના વિવિધ પ્રકારોને પ્રદાન કર્યું છે. ગુજરાતી સાહિત્યનો મધ્યકાળનો પૂર્વાર્ધ એક રીતે જોઈએ તે જૈન ધર્મપ્રધાન છે; અને એનો ઉત્તરાર્ધ વૈષ્ણવ ધર્મપ્રધાન છે. જૈનસાહિત્ય મુખ્યત્વે પાછળથી મળી આવેલું મૂળ સ્વરૂપમાં જળવાયેલું કંઈક અંશે લેખિત અંશો ધરાવનાર છે; જ્યારે જૈનેતર ધર્મસાહિત્ય કંઠોપકંઠ વહી આવેલું પરિવર્તિત રૂપમાં મળેલું કંઈક મૌખિક અંશો ધરાવનાર છે.

ગુજરાતી જૈનસાહિત્યનો હેમચન્દ્રનાં ઉદાહરણો દ્વારા પહેલો મળતો પ્રકાર મુક્તકસ્વરૂપનો છે. આ પ્રકારને સંસ્કૃતના સુભાષિત પ્રકાર અને સૂક્તિપ્રકાર સાથે ગાઢ સંબંધ છે. તો, દેશી ઢાળોમાં ઢળેલા જૈનધર્મના ઊર્મિકાવ્યના પ્રકારોમાં સાધુઓના દીક્ષાપ્રસંગને રૂપાત્મક બનાવી પ્રયોજાતા 'વિવાહલઉં' ધાર્મિક માંગલિકતા ગાતાં 'ધવલો;' ગેય 'ચચ્ચરી'ઓ; બારમાસ દરમ્યાન વિરહની જુદી જુદી ભાવમુદ્રા ઉપસાવતી ઊર્મિસભર 'બારમાસીઓ'; વસંતઋતુમાં શૃંગાર આલેખનની તીવ્રતા

પડછે ત્યાગ અને સંયમની સંનિધિ શોધતું વિશિષ્ટ ફાગુકાવ્ય, શબ્દ-ક્રીડાની ભૂમિકા પર ધર્મનો આનંદ લેતા 'અ' થી શરૂ થતા 'માતૃકાઓ' અને 'ક'થી શરૂ થતા 'કક્કા'ઓ-મુખ્ય છે. જૈનધર્મે શોધેલી આ વિવિધ ઊર્મિવિષયક અભિવ્યક્તિ ભંગીઓ છે. તો, જૈનધર્મ કથા અને પ્રશસ્તિને લક્ષમાં રાખીને વિકસાવેલા વર્ણનાત્મક તેમજ નિરૂપણાત્મક સાહિત્યપ્રકારોમાં મુખ્યત્વે રાસુ કે રાસો છે. પાછળથી ઊર્મિપ્રકારમાં વિકસેલા રાસ કે રાસડા કરતાં આ રાસુ કે રાસોનો પ્રકાર જુદો છે; અને કથાશ્રિત પ્રકાર છે. ધર્મચરિત્રોને કેન્દ્રસ્થ રાખી રચાતા પ્રબંધો, લોકકથા અને સાંસારિકતાને તાકતી પદ્યવાર્તાઓ, ખાસ વીરની પ્રથસ્તિગાથા ગૂંથતા પવાડાઓ-જૈનકથા સાહિત્યના નિજી ઉન્મેષો છે.

એજ રીતે કથાસાહિત્યનો અને વર્ણનાત્મક સાહિત્યનો જૈનેતર નમૂનો ઉત્તમ સાહિત્ય પ્રકાર 'આખ્યાન'માં મળ્યો, ઊર્મિલ પદોએ કડવાં જેવા વિશિષ્ટ એકમોમાં પરણિત થઈ મુખ્યકથાઘટક બની એક સંયોજન રૂપ લીધું. એમાંથી આખ્યાનનો અવતાર કલ્પી શકાય છે. પરંતુ જૈનકથાસાહિત્યની જેમ આખ્યાન માત્ર લેખિત સ્વરૂપે પાછળથી મળી આવેલી વસ નથી, માણ પરંપરા દ્વારા અભિનય અને સંગીતની સાથે સંકળાયેલું, લોકપ્રયોગનું અનોખું તત્ત્વ એની સાથે અનુસ્યૂત છે. શામળની પદ્યવાર્તાઓને તો જૈન પદ્યવાર્તાઓનું પણ અનુસંધાન જડે પરંતુ આખ્યાનનું સ્વરૂપ 'પ્રબંધ' 'રાસા' 'પવાડા'થી સ્પષ્ટપણે ભિન્ન છે.

જૈનેતર ઊર્મિકાવ્ય સ્વરૂપો પણ ધર્મથી જ નિયંત્રિત છે. કૃષ્ણભક્તિથી પ્રયોજાએલાં ભક્તિમૂલક પ્રભાતિયાં પદો અને ગરબીઓ; એમાં ય કૃષ્ણપ્રીતિથી પ્રયોજાએલાં વાત્સલ્યસભર 'હાલરડાં'ઓ અને 'થાળો'; શાક્ત ઉપાસનાથી પ્રગટેલા માતૃગ્રન્થિમૂલક ગરબાઓ, તત્ત્વ ઉપાસનામાંથી પ્રગટેલાં વ્યંગમૂલક કાફી, ચાબખા અને છપ્પાઓ-આ બધો મધ્યકાળનો નાનોસૂનો સ્વરૂપવૈભવ નથી.

આ સ્વરૂપોને મુખ્યત્વે ધર્મનું સાધન કે વાહન બનવું પડ્યું છે, તેમ છતાં એમની સાહિત્યિકતા કોઈપણ સાહિત્યિક ધોરણે જુદી તારવી શકાય એવી ક્યારેક સ્વરૂપ સાથે ઓતપ્રોત છે એ આનંદની વાત છે. સંસ્કૃત સાહિત્યની પ્રમાણમાં નિરાળાં અને અન્ય કોઈપણ વિદેશી સાહિત્યથી છોવાયા વગરના મધ્યકાળનાં આ સાહિત્યસ્વરૂપોની એમની પોતાની તત્દેશીયતા અને સ્વાયત્તતા છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યસ્વરૂપો ઘણુંખરું અન્યદેશીય છે. અન્ય સાહિત્યના નમૂનાઓ યા પ્રતિમાનોને આધારે વિકસેલાં છે. અલબત્ત, 'મહાકાવ્ય'ની બાબતમાં

એના નિર્જીવ ઉદ્યમો નર્યા સંસ્કૃત સ્વરૂપની નકલખોરીનાં છે, તો ઊર્મિકાવ્યમાં શરૂનાં ઉદ્યમો નર્યા અંગ્રેજી ઊર્મિકાવ્યની નકલખોરીના છે. પરંતુ સંસ્કૃત કાવ્યસંસ્કાર તેમજ પાશ્ચાત્ય ટ્રેજેડી સંસ્કારને સજીવ રીતે સંયોજી 'ખંડકાવ્ય'નું એક અભૂતપૂર્વ કહી શકાય એવું સાહિત્ય સ્વરૂપ સાવ ગુજરાતી છે. કદાચ આજ સુધી ગુજરાતી કવિતાનું ઉત્તમ સત્ત્વ આ સ્વરૂપમાં જળવાયું છે.

અંગ્રેજીમાંથી આવેલું કરુણપ્રશસ્તિનું સ્વરૂપ ગુજરાતીએ ઝાઝું પોતીકું નથી કર્યું, પરંતુ અંગ્રેજીનો ઊર્મિકાવ્યપ્રકાર અને ફારસીનો ગઝલપ્રકાર આ બંને આજે એના અનેક તબક્કાઓમાંથી પસાર થઈ ગુજરાતી સાહિત્યમાં સુસ્થિર થયા છે, એટલું જ નહિ પણ લગભગ ઉત્તમ સિદ્ધિ સાથે નરી ગુજરાતીતા એમણે ધારણ કરી છે. એવી જ ગુજરાતીતા હાંસલ કરી છે સૉનેટના પ્રકારે. પ્રારંભના સઘન પ્રયત્નથી માંડી આજદિન સુધીના પ્રયોગવૈવિધ્યે વારંવાર એના પ્રતિના આકર્ષણને પૂરવાર કર્યું છે. રહી રહીને જપાનમાંથી આવેલા હાઈકુપ્રકારે પણ ગુજરાતી ભાષામાં સત્તરાક્ષરી દેહ સાથે કલ્પનસંવેગને ઉત્તમ રીતે ધારણ કરવાની મથામણ પ્રગટ કરી છે. હમણાં જપાનનો તન્કાપ્રકાર પણ હાઈકુની સાથે સાથે પ્રસ્થાપિત થવા પ્રયત્નશીલ છે. એમ તો દેશ જ ગીતોએ રવીન્દ્રનાથનાં ગીતોની અસર ઝીલી અંતે આધુનિક પ્રતિગીત સુધીની યાત્રા બતાવી છે. આધુનિક કવિઓએ આખ્યાન, છપ્પા અને પચ્ચીસીના સંકેતોને નવેસરથી પોતાની રચનાઓમાં સમાવવાનો લીધેલાં માર્ગ અને પદ્યને નાટક સાથે સાંકળતા વિદેશી પદ્યનાટકોનો ગુજરાતીમાં થયેલાં સંવાદનાટ્યનો પ્રયોગ પણ આવકારવાપાત્ર છે.


અત્યાર સુધી તો આપણે પદ્યસ્વરૂપોની વાત કરી. આપણે જોયું કે મધ્યકાલીન સાહિત્યસ્વરૂપોનું ભાગ્યે જ સાતત્ય કે અનુસંધાન રહ્યું છે પણ ગદ્ય, અને એનાં સ્વરૂપો તો (અંગ્રેજી સાહિત્ય સાથેના અર્વાચીન ગુજરાતી સાહિત્યના) ગાઢ સંપર્કનું જ પરિણામ છે. મધ્યકાલીન દસ્તાવેજી ગદ્ય અને એકલ દોકલ કૃતિ બાદ કરતાં ગદ્ય કેવળ અર્વાચીન સાહિત્યમાધ્યમ છે. કદાચ પહેલું સ્વરૂપ ગદ્યમાં અખત્યાર થયું તે ઉદ્‌બોધનાત્મક નિબંધનું. બોલાતી ભાષાના સંકેતોને લેખિત ભાષાના સંકેતોના વિપુલ વિસ્તારો સુધી પહોંચી છે. ટૂંકીવાર્તા, વાર્તાતત્ત્વના નકરા નિરૂપણથી વાર્તાતત્ત્વનાં આત્યંતિક લોપ સુધીનાં બધા પ્રયોગો કરી ચૂકી છે. નાટક, અંગ્રેજી અને સંસ્કૃતના સંકર રૂપમાંથી પસાર થઈ વિવિધ નાટ્યસંપ્રદાયોની અસર ઝીલવા છતાં એની ઓછામાં ઓછી મૌલિકતા દર્શાવી શક્યું છે. તો બીજી બાજુ આત્મકથાએ, કથાતત્ત્વ પર

આત્મતત્ત્વની ગૌરવપ્રતિષ્ઠા દ્વારા 'સત્યના પ્રયોગો' જેવો એક આંતરરાષ્ટ્રીય નમૂનો ધર્યો છે. ગુજરાતી પ્રજા પોતે જેટલી પ્રવાસપ્રિય છે એવું એનું સાહિત્ય પ્રવાસકથામાં ઊતર્યું નથી. હજી એ શક્યતાવાળું સ્વરૂપ છે. તાજેતરમાં આધુનિક પરિસ્થિતિના વ્યંજક હોય તેમ ટૂંકીવાર્તા ટૂંકાઈને લઘુકથા તરફ વળી છે, તો નવલકથા લઘુનવલ તરફ ઢળી છે. આ બંને લઘુસ્વરૂપો હજી ઊગવાની દશામાં છે.

આ અને આ ઉપરાંતનાં નાનામોટાં સાહિત્ય સ્વરૂપોએ ગુજરાતી ભાષાની અભિવ્યક્તિની ગુંજાશને સતત પડકાર્યા કરી છે; અને એમ ભાષાની તેમજ પોતાની સમૃદ્ધિ વધાર્યા કરી છે.

---


વિવેચનનો વિભાજિત પટ



લલિત રાગિણી



તોડી રાગિણી




# સાહિત્યસ્વરૂપો પર કાવ્યતત્ત્વનું આક્રમણ

ચન્દ્રકાન્ત ટોપીવાળા

દર્પણ એકેડેમી, અમદાવાદથી ૧૯૫૯ થી ૧૯૭૯ સુધી છેલ્લાં વીસ વર્ષનાં ભજવાયેલા નાટકો અંગે એક મુખપત્ર પ્રકાશિત થયું છે તેમાં કેટલાક નાટ્યકારોએ પોતાનાં નાટકો અંગે કેફિયત રજૂ કરી છે. આદિલ મન્સુરી પોતાના નાટક ‘જે નથી તે’ અંગે લખે છે “પ્રારંભમાં માત્ર કવિતા/ત્યાર પછી થોડાંક દશ્યો / શબ્દો, સ્થળ, કાળ વિસ્તાર / અને કલ્પનામાં પ્રવાસ” વળી શ્રીકાન્ત શાહ જણાવે છે : “હું અઘરો લેખક છું... હું વાસ્તવને અવાસ્તવ દ્વારા ભારમુક્ત કરવા ચાહું છું.” આ જ રીતે લાભશંકરે ‘મરી જવાની મજા’ના ઉપરણે કબૂલ્યું છે કે ખૂણેખાંચરે અહીં તહીં બધે કશુંક ચમકી રહ્યું છે. હું મારી આંખોથી અને કાનથી એને ઊંચકવા માગું છું તો મહેશ દવેએ, ‘મને દશ્યો દેખાય છે’ નાટ્યસંગ્રહમાં ‘દશ્ય શ્રાવ્યતાની ઉચ્ચાવતા સિદ્ધ’ કરવાની નેમ રાખી છે. આધુનિક ગુજરાતી નાટ્યકારોની આ કેફિયતો પરથી જોઈ શકાશે કે ગુજરાતી નાટક અને કવિતા ખૂબ લગોલગ આવી પહોચ્યાં છે; અને એવું જ નવલકથા અને ટૂંકી વાર્તાની બાબતમાં પણ બનવા પામ્યું છે. કવિતાના આધુનિક સ્વરૂપે સાહિત્યનાં અન્ય સ્વરૂપોના નિર્માણમાં એક નમૂનો (model) પૂરો પાડ્યો છે.

આમ તો ગુજરાતી કવિતા મધ્યકાળથી સાહસનાં લેખનો કરતી આવેલી. પહેલાં ધર્મના સાહસ, પછી સુધારા અને



સંસ્કૃતિનાં લેખનો જેવી કવિતાને પોતાને કોઈ ભાગ્યે જ સાહસ કરવાનું હતું, એને તો અન્ય સાહસોના લગભગ નિષ્ક્રિય વાહક બનીને રહેવાનું હતું. શરૂમાં, પ્રહ્લાદ પારેખ, રાજેન્દ્ર, નિરંજન આદિ કવિઓએ કવિતાને વાહક બનતી અટકાવવાનો પુરુષાર્થ આરંભ્યો અને અંતે ૧૯૬૦ થી ગુજરાતી કવિતાએ સાહસનાં લેખનો છોડી પહેલી વાર લેખનોનાં સાહસનો પંથ ઝાલ્યો. બાહ્ય વળગણો (external attachments) છોડી કવિતા સંપૂર્ણ સ્વાયત્તતા તરફ, આત્મનિર્ભરતા તરફ, સ્વનિર્દેશતા તરફ વળી, ટૂંકમાં શુદ્ધતા તરફ વળી. આધુનિક કવિતાના આ પુરસ્કર્તા કવિઓમાંના ઘણા જ્યારે ટૂંકી વાર્તા, નવલકથા અને નાટ્યલેખન તરફ વળ્યા ત્યારે અન્ય સ્વરૂપોને પણ ખોટું યા ખરું, આક્રમક રીતે કાવ્યપરિણામ મળે એ સ્વાભાવિક હતું.

ટૂંકી વાર્તા અને નવલકથા ક્ષેત્રો જે સૌથી મહત્ત્વની ઘટના ઘટી તે એ કે 'કથા' કેન્દ્રમાંથી ખસી ગઈ અને શુદ્ધ કવિતાની જેમ, કૃતિનું સાર્વભૌમિક કાર્ય (Global functioning) પ્રધાનવર્તી બન્યું. કૃતિને સંયોજિત રાખતું કોઈ કેન્દ્રસ્થ પાત્ર ન રહ્યું, તર્કબદ્ધ આનુક્રમિક ક્રિયાઓ ન રહી, કૃતિનો રૈખિક અને કાલાનુવર્તી વિકાસ ન રહ્યો, કેવળ નૈતિક કે અનુકરણાત્મક વસ્તનું પ્રતિનિધાન ન રહ્યું. વર્ષો પહેલાં, ફ્રેન્ચ વાર્તાકાર ફ્લોબેર પહેલો હતો, જેણે સંપૂર્ણપણે અને ગંભીરપણે નવલકથાના નિમ્ન ગણાતા સ્વરૂપોનો, એના પોતીકા ચુસ્ત નિયમો સહિતની કલા તરીકે સ્વીકાર કરેલો; અને નવલકથાને શુદ્ધિકૃત (purified) ભાષા તરફ ખેંચી પહેલી વાર સ્વરૂપગત પ્રશ્નો જોડે જોડી હતી; એવી શુદ્ધકલાના સ્વરૂપની નિસ્બત ગુજરાતી કવિસર્જકે એ વાર્તાસ્વરૂપને સ્પર્શીને છેલ્લા બે દાયકામાં ઊભી કરી છે. આની પહેલાં નવલકથા કે ટૂંકી વાર્તાને ક્ષેત્રો સૌન્દર્યનિષ્ઠ ઉપપત્તિ (aesthetlic retionale)નો પ્રશ્ન ઊભો જ થયો નહોતો. પ્રવિધિગત નવતર પ્રક્રિયાઓ જન્મેલી તો પ્રાસંગિક રીતે કે અકસ્માતે. આધુનિક કવિવાર્તાસર્જકોએ આ જ કારણે અત્યાર સુધી ચાલી આવેલી તર્કનિષ્ઠ યથાર્થતાની સામે આંતરવિશ્વમાં પડેલી સ્વપ્નપ્રચૂર અને પ્રતીકકલ્પન પ્રચૂરસાહચર્યમૂલક મૂર્ત પ્રસ્તુતિની સમાન્તર રહી ભાષાનું સમસ્યાશાસ્ત્ર (Problemetics of language) નીપજાવ્યું. રાધેશ્યામ શર્મા એના 'સ્વપ્નતીર્થ'માં આલેખે છે :

'એક વિશાળ ડાળ તદ્દન અજાણ્યા ઝાડમાંથી ઢૂકી લબડી પડી છે. મારી માએ તે દિવસે શણગાર સજી પહેરી હતી એ રાતી લોગી જેવી સાડીના રંગનું કપડું ડાળીએ વીંટેલું હતું અને કપડાના છેડે બાંધેલી લાંબી સીધી તીક્ષ્ણ ખડગ લટકતી હતી. ભવાની માતાએ શિવાજી મહારાજને આને મળતી વાંકી તલવાર ભેટ આપી હશે.

ખડગની અણીમાંથી ચીકણું રાતું પ્રવાહી ટપકે ટપકે વધી રહ્યું હતું. જળાધારીની જેમ તલવારમાંથી લોહી ઝમતું હતું અને નીચેનાં પાંદડાં પર ટપ ટપ ભેકારભર્યો અવાજ કરતું બેઠેલા માણસની ઊંચાળીવાળા શિંવલિંગ પર પણ વાયુના ઝોલે કવચિત પડતું હતું.'

એક બાજુ કથાનો અંત આવ્યો, પરન્તુ શબ્દોના દુસ્તરપ્રદેશો ઊઘડવા માંડ્યા અને કૃતિ રચાવી ચાલુ રહી કૃતિના વિવિધ ઘટકોની સંરચના તૈયાર થાય, કૃતિએ કૃતિએ વૈયક્તિક ઘાટ ઊતરે એ ખાસ જોવાય, એ સંરચના પાછળ આંશિક કે વિસંવાદી ભૂમિકાઓ તેમજ દૃષ્ટિકોણોનું બહુલીકરણ વીંઝાતું રખાય અને એમ શુદ્ધ સર્જનની નજીક વાર્તાવસ્વરૂપોને લઈ જવાય-એનાં જ્વલંત ઉદાહરણો પ્રબોધ પરીખ અને કિશોર જાદવ જેવાની વાર્તાઓમાં જડશે:

'પેલા બે ઓળાઓ, બરફના તોફાનમાં સપડાયા હશે! ને 'સ્ટેચર' સરકે એમ આકાશમાં ઘૂમલે વળીને દોડ્યે જતાં ઘોડેસવારોના ભાલાના ફળાં ચમક્યાં કરે શાપની અવધિ પૂરી થતાં, પાષાણ સજીવન થાય, એની ઊલટી દશા ભોગવતું, એક આંખવાળું ગાત્ર એનાં બીજાં સઘળાં અવયવોથી, આસપાસની બર્ફીલી સૃષ્ટિથી, બધા સંદર્ભો ખોઈ બેસે. એ ગાત્રને ચારેકોરથી જાણે વીંધી નાખવા, ઘણાંખરાંની નજર એના પર મંડાઈ રહે. પાણી સાથે ગેલ કરતા પક્ષીની પાંખોની જેમ અવયવો ફફડતાં રહે.'

('સૂર્યારોહણ' -કિશોર જાદવ)

'નાયલોનના બ્રશથી સવાર સાફ થતી રહે છે. આ વિમાન છે, રાતના કરડી જાય છે તે ચાંચડ છે, સફાઈદાર રહેણીકરણી છે. પછી શું રહે ગોળ આ ગોળાની બહાર! સંતરાની છાલ! નહિ પણ પછી આગ હશે ગાળો. બળી જાય છે બધા. ખેલ ખતમ થાય છે. પછી આંગળીઓનાં નામનિશાન મટી જાય છે. અવાજ થાય છે. માણસ થાય છે માણસો ઓળખીતા બળતા કાગળનો અવાજ છે.'

(પ સિવાય પ્રબોધ પરીખ)

જોઈ શકાશે કે પ્રાથમિક અર્થમૂલક અને નર્યા વાસ્તવમૂલક ગદ્યનું કોઈ ચકચકિત પ્રકાશકેન્દ્ર અહીં નથી, પરંતુ વિસ્તરેલી સૂચક અને સંદિગ્ધ આભા છે; જે વિવેચનના વિશ્લેષણ માટે લગભગ અવિભેદ્ય રહેવા માગે છે. આધુનિક વાર્તાસર્જક ગદ્યમાં અર્થનો જ ઉપયોગ કરીને રહી જતો નથી, પરંતુ કવિસર્જકની જેમ, શબ્દની બીજી અનેક સંપત્તિઓને પણ ખપે લગાડવા મથે છે. મધુરાયની 'હાર્મોનિકા'ઓ એવી જ કોઈ ગદ્યવિશેષની અપેક્ષામાંથી જન્મેલી સર્જનલીલાઓ છે:

'પીળાં અંધકારમાં ધગતી બપોર. બપોર ડોલે છે. દૂરના મકાનોમાં વાસણના અવાજો, ખણ ખણ ડોલે છે. મેશ ચોપડીને મશીનો ધડધડ ડોલે છે. પૃથ્વીની ધૂરા ડગમગ ડોલે છે. ભૂખરાં કબૂતરોની પાંખ સડસડાટ ફડફડ ડોલે છે. એક માણસ હાથમાં જાંબુડી કાગળ લઈને-વડવાઈ થરથર ડોલે છે ખાખી બતકોની ચાંચ સરસર ડોલે છે. જાળીનાં છિદ્રોમાંથી નરમ પ્રકાશની રેખાઓ હોડીનાં ડોલતાં હલેસાંથી કપાતાં પાણીનાં પ્રતિબિંબોની જેમ પળપળ ડોલે છે. વરસાદ મિનારોની ટોચ ઉપર પુરવાટ બનીને ડોલે છે' આ અને આવા નમૂનાઓમાં વાર્તાસ્વરૂપ કવિતાના મિજાજની એકદમ નજીક આવી પહોંચેલું અનુભવાય છે. કવિતાના આવા આક્રમણને કારણે નવા પ્રકારની સદ્યોદ્યત સંવેદનશીલતા જરૂર મળેલી છે, પરન્તુ બહુધા વાસ્તવાશ્રિત અને કથાશ્રિત સ્વરૂપોની વૈયક્તિકતા, શુદ્ધ કવિતાની દિશામાં આગળ વધી કેટલે અંશે ટકી શકશે એ એક સવાલ છે. આંતરરાષ્ટ્રીય તખ્તે છેલ્લી દોઢ સદીનું આશ્ચર્ય એ છે કે કવિતા સંગીત યા ચિત્રકલા બનવા મથે છે; સંગીત, ચિત્રકલા શિલ્પ કવિતા બનવા ઉત્સુક છે અને અન્ય શબ્દનિષ્ઠ સાહિત્યસ્વરૂપ કવિતા બનવા મથે છે. કલાસ્વરૂપની વૈયક્તિક્તા અને એ વૈયક્તિક્તા બહારના કોઈ લક્ષ્ય પરની, વૈયક્તિક્તાલોપ સુધીના જોખમ સાથેની કલાસ્વરૂપની દોડ; એ બે વચ્ચેના તણાવ પર ક્યાંક કલાસ્વરૂપનું સ્વારસ્ય હશે શું?



કેદાર રાગિણી

# રાગ મેઘ મલ્હાર

અભિજિત વ્યાસ



રાગ મેઘ મલ્હાર



રાગ મેઘ

વૈશાખ અને જેઠ મહિનાની ગરમી એટલે શરીર જાણે મીણબત્તીની જેમ ઓગળતું. ચૈત્રમાં ગુલમહોર કેવો સજીધજીને તૈયાર થયો હતો. તે હવે તેના લાલ ફૂલની રતાશ પણ ઓગળી ગઈ છે. ગરમાળાના ફૂલો પણ હવે તો કરમાઈ ગયા છે. જાણે સોનાનો ભાવ કેમ ઘટી ગયો હોય! અષાઢમાં ભગવાન જગન્નાથ ફરવા નીકળે. કાલીદાસે પણ અષાઢનો મહિમા ગાયો છે. મોહન રાકેશનું નાટક ‘અષાઢ કા એક દિન’ પણ યાદ આવે. અષાઢનું વાતાવરણ જ કંઈક જુદું. અષાઢનું આકાશ એટલે ગોરંભાયેલું. આકાશના ગર્ભમાં જાણે વરસાદ સમાયો હોય તેવા વાદળના ગોટેગોટા. લેન્ડસ્કેપ સર્જવા ઇચ્છતા ચિત્રકારો માટે અષાઢ મહિનો અદ્‌ભુત છે.

અષાઢી બીજ એટલે રથયાત્રાનો તહેવાર. આપણે ગુજરાતમાં તો તંત્રની કસોટી પણ આ અષાઢી બીજના જ હોય છે. આ દિવસે વરસાદના અમીછાંટણા પડે તો તેને શુકન ગણવાની પરંપરા છે. ભડલીના ભાખનાર તો અષાઢે વીજળી ગાજે તેના પરથી વર્ષનું ભાવિ ભાખે. અષાઢી બીજથી ગામડાઓનાં ચિત્રો પણ બદલાઈ જાય. વર્ષા ઋતુનો આરંભ થયો તેમ અષાઢી બીજ જો ગાજે તે ખેડૂતો તેને શુકનવંતુ વર્ષાનો અણસાર લેખે.

વર્ષાના દિવસોની મજા જ કંઈક ઔર છે. વરસાદ પહેલા, વરસાદ દરમ્યાન અને વરસાદ પછીના ચિત્રોનો વૈભવ જ જુદો જુદો છે. વરસાદ પહેલા આકાશ જે રીતે ગોરંભાયેલું જોવા મળે તેને ચિત્રિત કરવાની મજા જુદી છે. આમ તો આકાશમાં વાદળો રોજ જુદા જુદા સ્વરૂપે જોવા મળે. પણ અષાઢ - શ્રાવણના વાદળોનો રંગ કંઈક જુદો. ક્યારેક સાવ સફેદ, રૂ જેવા, તો ક્યારેક કાળા ડીબાંગ. તો ક્યારેક વળી મેઘધનુષની પણછ તાણીને ઉભા હોય. અને મેઘધનુષમાં તો સાત રંગોનો સમન્વય. આ બધા દશ્યો કોઈ ચિત્રકાર કે ફોટોગ્રાફરને જરૂર આકર્ષે. આ વરસાદી માહોલના કેટલાય ચિત્રો અનેક ચિત્રકારોએ સર્જ્યાં છે. ચિત્રકારોની જેમ ફોટોગ્રાફરો પણ આ વર્ષાઋતુના લેન્ડસ્કેપ ઝડપવાનું ચૂકે નહીં. આ ફક્ત આકાશ કે મેઘધનુષ પૂરતું મર્યાદિત નથી. અનેક પ્રકારના વરસાદી વાતાવરણના ફોટોગ્રાફ જોવા મળે છે. આપણા એક ફોટોગ્રાફરે તો 'મોનસુન ઈન ઈન્ડિયા' એવું સરસ પુસ્તક પ્રગટ કર્યું છે. અને કોઈને અંગ્રેજી ફિલ્મ 'મોનસુન વેડીંગ' પણ યાદ આવે.

જેમ ચિત્રકળા કે ફોટોગ્રાફી કરતા કલાકારોને વર્ષાઋતુના ચિત્રો સર્જવા ગમે તેમ સંગીતકારોને માટે પણ વર્ષાઋતુ એવી જ આકર્ષક છે. આપણે ત્યાં શાસ્ત્રીય સંગીતમાં તો વર્ષાઋતુના ખાસ રાગો રજૂ કરવાની એક વિશિષ્ટ પરંપરા જોવા સાંભળવા મળે છે. વર્ષાના ગીતો ગાઈને રજૂ કરવાની પણ એક જૂની પરંપરા છે. આ પરંપરામાં આપણાં અનેક પ્રચલિત ગીતોનો સમાવેશ થાય છે. શાંતિનિકેતનમાં તો અષાઢને આવકારતો વર્ષા ગીતોનો કાર્યક્રમ પણ થાય છે. આપણે ત્યાં શાસ્ત્રીય સંગીતમાં તો કેટલા બધા રાગો વર્ષાઋતુના છે. જેમ કે મેઘ, મલ્હાર, મેઘ મલ્હાર, મીયાં મલ્હાર, રામદાસી મલ્હાર, સુર મલ્હાર, જૈત મલ્હાર, સરયુ મલ્હાર, મીરાં મલ્હાર, ગૌડ મલ્હાર, ચંદ્ર મલ્હાર, અરુણ મલ્હાર, દેશ મલ્હાર વગેરે. અનેકને ખાસ આ ઋતુ દરમ્યાન જ રજૂ કરવાની પરંપરા છે. સાવન, ઝુલા અને કજરી પણ વર્ષાઋતુમાં ખાસ ગવાય છે. કજરી વર્ષાઋતુનો ઉપશાસ્ત્રીય સંગીતનો લોકપ્રિય પ્રકાર છે. મોટા ભાગની કજરીની રચનાઓમાં રાધાકૃષ્ણની લીલાઓનું વર્ણન કરવામાં આવે છે. કજરીમાં વિપ્રલંભ શૃંગાર અને સંભોગશૃંગાર બંને વર્ણવાય છે. ઠુમરીની જેમ કજરીમાં પણ શબ્દને વિવિધ રીતે સ્વરથી રમાડવામાં આવે છે. મીરઝાપુર અને બનારસમાં કજરીને સાંભળવી એ એક લહાવો છે.

આ મલ્હાર રાગની સાથે તાનસેન અને તાનારીરીની એક દંતકથા પણ જોડાયેલી સાંભળવા મળે છે. તાનસેને જ્યારે દરબારમાં બાદશાહના આગ્રહને માન આપીને દીપક રાગ પ્રસ્તુત કરેલો ત્યારે તેના શરીરમાં ઉત્પન્ન થયેલ અગનને ઠારવા માટે

મલ્હાર રાગ ગાવો જરૂરી હતો. અને તે દ્વારા જ તેને શાંતિ મળે તેમ હતી. પણ દરબારમાં એવું કોઈ ન હતું જે મલ્હાર રાગ ગાઈને રજૂ કરી શકે. ત્યારે તાના રીરી નામની બહેનોએ આ મલ્હાર રાગને ગાઈને તાનસેનને શાતા આપી હતી તેવી વાર્તા જગજાહેર છે. રાગ મલ્હારને રજૂ કરવાથી વરસાદ વરસે તેવી એક માન્યતા છે. સંગીતના શાસ્ત્રોમાં પણ આ મતલબની વાત થયેલી છે તેમ કેટલાક સંગીતજ્ઞોનું કહેવું છે.

આ તાનારીરીની જેમ તેમના નાના નરસિંહ મહેતાની પણ એક વાર્તા આ પ્રકારની જ લોકમુખે સાંભળવા મળે છે. એક વખત નરસિંહ મહેતાની મજાક કરવા કોઈએ તેને ઉકળતું પાણી નાહવા માટે આપ્યું. હવે આ ઉકળતા પાણીથી તો કેમ નાહી શકાય! એટલે નરસિંહ મહેતાએ રાગ મલ્હારમાં એક ભજન ગાયું અને વરસાદ વરસ્યો.

આ માન્યતાની જ્યારે વાત યાદ આવે છે ત્યારે એક બીજી પણ વાત યાદ આવે છે. એક વખત પંડિત જશરાજ સાણંદમાં ખુલ્લામાં કાર્યક્રમ આપી રહ્યા હતા ત્યારે વરસાદના ફોરાઓ પડવા શરૂ થયેલા. જશરાજજીએ આ ફોરાઓની વાત કરતા કાર્યક્રમ દરમ્યાન જ કહ્યું કે આ મારા સંગીતનો પ્રતાપ નહિ પણ ઈશ્વરની કૃપા છે તેમ સમજવું.

અહીં મને એક 'મેઘમલ્હાર' નામની ટૂંકી ફિલ્મ પણ યાદ આવે છે જેના દિગ્દર્શક છે સુદીપ્તો ચટ્ટોપાધ્યાય. આ ટૂંકી અવધિની, એટલે કે ફક્ત તેતાલીસ મિનિટની એક ફિલ્મ છે. ફિલ્મની વાર્તા કંઈક આમ છે - વર્ષો પૂર્વે નદીને કાંઠે ગુરુ શિવલીક એના બે શિષ્યો સત્યકામ અને સંગનીક તથા પુત્રી સુરંજનાને સંગીતની શિક્ષા આપી રહ્યા છે. આ શિક્ષા દરમ્યાન ગુરુ એમને જણાવે છે કે અષાઢી પૂનમના રોજ કોઈ મન અને શરીરથી પવિત્ર હોય તેવી વ્યક્તિ રાગ મેઘમલ્હાર ગાઈને રજૂ કરે તો સાક્ષાત સરસ્વતીનું પૃથ્વી ઉપર અવતરણ થાય છે. આ વાતથી પ્રેરાઈને ત્રણેય મેઘમલ્હારની આરાધના કરે છે. અને ત્રણેયમાં સત્યકામને સરસ્વતીના અવતરણમાં સફળતા મળે છે. પણ પૃથ્વી ઉપર આવતા જ સરસ્વતી પથ્થરમાં પરિવર્તન પામે છે. ગુરુ પુત્રી સુરંજના, કે જે સત્યકામને પ્રેમ કરતી હોય છે તે રાગ મેઘમલ્હારને પ્રસ્તુત કરી સરસ્વતીને ફરી સજીવન કરે છે.

આપણી ફિલ્મોમાં તો વળી વરસાદની કંઈક ઔર જમાવટ હોય છે. તેમાં પણ અતિનાટક (melodrama) રજૂ કરવા ઇચ્છતા દિગ્દર્શકને માટે તો વરસાદી રજૂઆત અત્યંત મહત્ત્વની બની રહે છે. તેમાં પણ આપણી હિન્દી ફિલ્મોમાં તો વરસાદ એક પ્રકારની સેન્સુઅસનેસ દર્શાવવાને માટે અતિ મહત્ત્વનું ઘટક છે. સત્યજિત રાયની

ફિલ્મ 'પથેર પાંચાલી'માં વરસાદની રજૂઆત અત્યંત નયનરરમ્ય છે. તેમાં પણ પહેલું ફોરું જે રીતે પડે છે તે જ દિગ્દર્શકની સૂઝને માટે માન અપાવે છે. આપણા ભારતીય ફિલ્મ દિગ્દર્શકો વરસાદને જે રીતે રજૂ કરે છે તે હોલીવુડના દિગ્દર્શકો કરતા વધુ નાટ્યાત્મક હોય છે. અને એ રીતે ખાસ તો બોલીવુડ બધી જ રીતે હોલીવુડથી આગળ છે.

દિગ્દર્શક ઋત્વિક ઘટકે તો તેની એક ફિલ્મનું નામ 'મેઘે ઢાક્યે તારા' રાખ્યું છે. તો એમની 'સુવર્ણરેખા' ફિલ્મમાં વરસાદના દૃશ્યમાં ઉસ્તાદ બહાદુરખાને (સરોદવાદક) જે રીતે મીયાં મલ્હારને પાર્શ્વસંગીતમાં મુક્યો છે તે સમગ્ર દૃશ્ય અને તેના પરિવેશને પ્રભાવક બનાવી દે છે. ગોવિંદ નિહલાની દિગ્દર્શિત ફિલ્મ 'દૃષ્ટિ'માં પણ વરસાદી દૃશ્ય અને તેની પાછળનું કિશોરી આમોનકરનું કંઠ્યસંગીત અનેરું છે. આવા તો અનેક દૃશ્યોને યાદ કરી શકાય છે. તેમાં પણ જ્યારે વરસાદી વાતાવરણમાં ગીતોની રજૂઆત થઈ છે તેવા તો અનેક ગીતો યાદ આવે. ફિલ્મ 'ગુરુ'નું 'બરસો રે મીઠા મીઠા' તો સ્વર નિયોજન અને પિક્ચરાઈઝેશનમાં પણ સરસ થયું છે. એવું જ 'લમ્હે'નું ગીત 'મેઘા રે મેઘા, તેરા મન તરસે રે પાની ક્યું બરસા રે' પણ યાદ આવે. 'ગરજત બરસત સાવન આયો રે' પણ મનમાં યાદ આવે. આ પ્રકારના અનેક ગીતો આજે તો હોઠે ચઢેલા છે. અને તેના દૃશ્યો પણ યાદ આવે. આજે તો આ ગીતોને યાદ કરીએ જ.

આપણી હિન્દી ફિલ્મોમાં ક્લાઈમેક્સના દૃશ્યોને દર્શાવવામાં વરસાદ ખૂબ ઉપયોગી અને મહત્ત્વપૂર્ણ રહ્યો છે. ફિલ્મોમાં કેટલીક નાટ્યાત્મકતા સર્જવા માટે વરસાદનો ઉપયોગ ઘણા વર્ષોથી થતો રહ્યો છે. પ્રચલિત સિનેમાની ફોર્મ્યુલાનો એક મહત્ત્વનો ભાગ વરસાદ પણ છે. આપણી હિન્દી ફિલ્મોમાં તો કેટલાક પ્રકારની સેન્સ્યુઆલીટી સર્જવા માટે વરસાદનું દૃશ્ય સર્જવામાં આવે છે. વરસતા વરસાદમાં અભિનેતા અને અભિનેત્રી ગીતો ગાતાં હોય કે હિરો-વિલનની ઘમાસાણ ફાઈટ ચાલતી હોય - આ પ્રકારના દૃશ્યો અત્યંત કોમન છે. ટીપ ટીપ બરસે પાની, પાની મેં આગ લગા દે - વગેરે ગીતોમાં અભિનેત્રીના વળાંકોમાંથી ટપકતાં પાણીના ટીપા કે શરીરને ચોંટી ગયેલા ભીના આછાં વસ્ત્રોથી દર્શકોની સેન્સ્યુઅસનેસને સ્પર્શવાનો સ્પષ્ટ અભિગમ રાખીને નિર્માતાઓ ટિકિટબારી તરફ જોયા કરે છે.

વરસાદમાં સંગીત સાંભળવાનો આનંદ પણ અનેરો છે. ધોમ ધખતા ઉનાળા પછી જ્યારે પહેલો વરસાદ વરસે ત્યારે માટીમાંથી જે એક સુગંધ આવે તે પણ અનેરી હોય છે અને તે પણ ફક્ત પ્રથમ વરસાદના સમયે જ આવે. આમ તો જેઠ મહિનાની

શરૂઆતથી જ આકાશનો નજારો બદલાવો શરૂ થાય છે. પણ શહેરી વાતાવરણમાં અને સૂર્યના પ્રકોપને કારણે સામાન્ય સંજોગોમાં આકાશ સામે જોવાનો સમય જ મળતો નથી. આમ પણ આકાશ અને માનવ વચ્ચે ઘણો મોટો અવકાશ સર્જાઈ ગયો છે. ગામડા ગામમાં હજી માણસ અને આકાશની વચ્ચે એક સંબંધ હતો. પણ શહેરી જીવનમાં આવો કોઈ સંબંધ આકાશ અને માનવ વચ્ચે રહ્યો નથી. એવા સંજોગોમાં આકાશમાંના વાદળો જોવાની કોને ફુરસદ છે. એટલે જેઠમાં સર્જાતા સફેદ કાળા વાદળોની નોંધ વળી કોણ રાખે પણ આ બધો સમય આકાશને જોવાનો અને માણવાનો છે. તેમાં પણ રાત્રિની મજા જ વળી કંઈક જુદી. ચૈત્ર-વૈશાખના ચોખ્ખા, નગ્ન આકાશના દર્શન તો આ મહિનાઓમાં જ થાય. પછી ધીરે ધીરે વાદળોના આવરણો ઓઢવા શરૂ કરે તે અષાઢ-શ્રાવણમાં તો તે પૂર્ણ રૂપે ઢંકાઈ ગયું હોય છે. તે તારાઓ તો શું સૂર્યને પણ તેની સાથે સંતાકુકડી રમવું પડે.

સંગીતકારોને માટે આ જ દિવસોમાં મલ્હારના પ્રકાર રજૂ કરવાનો એક અદ્‌ભુત અવસર મળે છે. આમ તો હવે કોઈ પણ ઋતુમાં કોઈપણ રાગની રજૂઆત સંગીતકારો કરતા હોય છે. તે ઉપરાંત કેસેટ અને સી.ડી.ના આ જમાનામાં આ બધું તમે ઇચ્છા પડે ત્યારે સાંભળી શકાય છે. એટલે ચોક્કસ સમયે અને ચોક્કસ ઋતુમાં જ અમુક રાગો સાંભળવાનું રહેતું નથી. તેમાં પણ આપણે ફિલ્મોમાં તો દિગ્દર્શકને ઇચ્છા થાય ત્યારે વરસાદી વાતાવરણ જમાવવામાં આવે છે. પણ ખાસ વર્ષા ઋતુનું સંગીત નૈસર્ગિક રૂપમાં સાંભળવું એ પણ એક લહાવો છે. વર્ષાના આગમન પૂર્વે મોરના ટહુકા, વાદળોનો ગડગડાટ વગેરેમાં અને એ વરસતા વરસાદમાં પણ એક લય હોય છે. આ લયને માણવાને માટે મન જોઈએ. જેવી રીતે કોઈ સંગીતકારની રજૂઆતમાં પણ એક લય હોય છે તેમ જ આ નૈસર્ગિક સંગીતમાં પણ લય હોય છે. ઉસ્તાદ અમજદઅલીખાંએ વગાડેલો રાગ મીયાં મલ્હાર સાંભળીએ છીએ ત્યારે એ જ વર્ષાના લયનો આનંદ આવે છે.

વરસાદ પડતો હોય ત્યારે કંઈ કામ ન કરતા વરસાદમાં પલળવાની (હરીન્દ્ર દવેની કવિતા જેમ ‘ચાલ વરસાદની મોસમ છે વરસતા જઈએ’) કે તેને જોવાની મને તો ખૂબ મજા આવે. આવી મજા બીજા પણ અનેક લોકો લેતા જ હશે. ઘણી વખત અચાનક જ વરસાદ વરસી પડે અને બહાર પલળવા ન નીકળી શકાય તેવા સમયે પણ કામ થંભી જતું હોય છે અને નજર બારી બહાર દેખાતા વિશ્વ પર મંડાઈ રહે છે. અને વરસાદને કારણે વિચારોનો કંઈક ઔર પ્રવાહ વહેવા લાગે છે. ‘આ શ્રાવણ નીતર્યો સરવડે કોઈ ઝીલોજી’ જેવી બાલમુકુન્દ દવેની પંક્તિ પણ યાદ આવે કે ‘માથે

ગાજે મેઘલો, ડસડસ ડારે વીજ, અષાઢે અમ આવશું આવો, આવી બીજ' જેવી મણિલાલ હ. પટેલની પંક્તિઓ સહજ યાદ આવી જાય. વર્ષાઋતુમાં વિરહ અને શૃંગારનો રસ ઝરતો હોય તેમ અંદર પણ વરસતું રહે. વરસના બીજા દિવસો કરતા વર્ષાના દિવસો મને હંમેશા વધુ રોમેન્ટિક લાગ્યા છે. ફિલ્મ 'મેરા નામ જોકર'માં રાજ કપૂરે ફિલ્મના પહેલા અને ત્રીજા ભાગમાં વરસાદી દશ્યોમાં જે રોમેન્ટિકનેસ રજૂ કરી છે એ અદ્ભુત છે. 'મોહે અંગ લગજા બાલમા' ગીત આ સંદર્ભમાં ખાસ યાદ આવે.

મનમાં ગણગણવા તથા આમ પણ સાંભળવા ગમે તેવા કેટલાક ગીતો યાદ કરું 'બોલે રે પપીહરા, પપીહરા, નિત ઘન બરસે, મન પ્યાસા, નિત મન તરસે (ફિલ્મ : ગુડ્ડી), 'ગરજત બરસત સાવન આયો રે' (ફિલ્મ : બરસાત કી રાત), 'કહાંસે આયે બદરા હો' (ફિલ્મ : ચશ્મેબદ્દુર), 'ડર લાગે, ગરજે બરસીયા', 'મેઘા છાયે આધી રાત' (ફિલ્મ : શર્મિલી, આ ગીત અલબત રાગ પટદીપમાં સર્જાયું છે), વગેરે અનેકને યાદ કરી શકાય.

આજે આ લખું છું ત્યારે છેલ્લા ત્રણ-ચાર દિવસથી વરસાદ અવિરત વરસી રહ્યો છે. એક સમયે આ રીતે સતત વરસાદ વરસી રહ્યો હોય તે સમયને હેલી કહેવામાં આવતી. હવે તો આવા શબ્દો પણ ચલણમાં નથી. અત્યારે પણ હેલી જેવું વાતાવરણ છે. અને રૂમમાં પણ હવે વાતાવરણ ભીનું ભીનું થઈ ગયું છે. ભેજ એટલો બધો દીવાલો વાટે ફૂટ્યો છે કે મારી પ્રિય ચોપડીઓ બગડે નહિ તેની ચિંતા થઈ રહી છે.



રાગ મેઘ




અસાવરી રાગિણી

# વધુ વાર્તાઓનું પઠન તબ્બકાવાર આવતું રહેશે

## ઑડિયો રેકોર્ડિંગ સંકલન :
શ્રેયા સંઘવી શાહ

## ઑડિયો પઠન:
અનિતા પાદરિયા
અલ્પા જોશી
કૌરેશ વચ્છરાજાની
ક્રિષ્ના વ્યાસ
ચિરંતના ભટ્ટ
દર્શના જોશી
દિપ્તી વચ્છરાજાની
ધૈવત જોશીપુરા
બિજલ વ્યાસ
બ્રિજેશ પંચાલ
ભાનુપ્રસાદ ઉપાધ્યાય
ભાવિક મિસ્ત્રી
મનાલી જોશી
શ્રેયા સંઘવી શાહ

## કર્તા-પરિચયો:
અનિતા પાદરિયા

## પરામર્શક:
તનય શાહ

## ઑડિયો એડિટિંગ:
પ્રણવ મહંત
પાર્થ મારુ
કૌશલ રોહિત

ગુજરાતી ઑડિયો વાર્તા
સાંભળવા અહીં ક્લીક કરો

» ગોવાલણી
» શામળશાનો વિવાહ
» પોસ્ટ ઓફિસ
» પૃથ્વી અને સ્વર્ગ
» વિનિપાત
» ભૈયાદાદા
» રજપૂતાણી
» મુકુંદરાય
» સૌભાગ્યવતી!!!
» સદાશિવ ટપાલી
» જી'બા
» મારી ચંપાનો વર
» શ્રાવણી મેળો
» ખોલકી
» માજા વેલાનું મૃત્યુ
» માને ખોળે
» નીલીનું ભૂત
» મધુરાં સપનાં
» વટ
» ઉત્તરા
» ટપુભાઈ  રાતડીયા
» લોહીનું ટીપું
» ધાડ
» ખરા બપોર
» ચંપો ને કેળ
» થીગડું
» એક મુલાકાત
» અગતિગમન
» વર પ્રાપ્તિ
» પદભ્રષ્ટ
» એક સાંજની મુલાકાત
» મનેય કોઈ મારે !!!!
» ટાઢ
» તમને ગમીને?
» અપ્રતીક્ષા
» સાડાત્રણ ફૂટની ઘટના
» સળિયા
» ચર્ચબેલ
» પોટકું
» મંદિરની પછીતે
» ચંપી
» સૈનિકનાં બાળકો
» શ્વાસનળીમાં ટ્રેન
» તરસના કૂવાનું પ્રતિબિંબ
» સ્ત્રી નામે વિશાખા
» અંધારી ગલીમાં સફેદ ટપકાં
» ઇતરા
» બારણું
» ત્રેપન સિંહ ચાવડા જીવે છે
» બદલી
» લીલો છોકરો
» રાતવાસો
» ભાય
» નિત્યક્રમ
» ખરજવું
» જનારી
» બદામી રંગનો કોટ અને છત્રી
» ગેટ ટુ ગેધર
» મહોતું
» એક મેઈલ